શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પૂંજ

જાન્યુઆરી - ૨૦૦૭'

છુટક નકલ રૂા. ૧/-

## અભિમાન કે ઘમંડ

ટાઈમ એન્ડ ટાઈડ વેઈટ ફોન નન. સમય અને ભરતી કોઈનીયે રાહ જોતા નથી. આપણે બરાબર જાણીએ છીએ કે અસત્ય કે અધર્મ પ્રગટ થયા વિના રહેશે જ નહિ. છતાં આપણે સત્ય કે ધર્મ તરફ દુર્લક્ષ રાખી દુ:ખી જ થવું પડે છે. ગર્વ અને અભિમાન કરનારનું પતન જ થશે.

જ્યારે જીવનમાંથી હુંપણું ઘમંડ છુટી જાય છે ત્યારે જીવન સરળ અને સાત્વીક બની જાય છે. સંતો સરળ હોય છે. તેમના હૃદયમાં હંમેશા કરુણાના દિવ્ય ઝરણા જ વહેતા હોય છે. સાચો જ્ઞાની કદી ઘમંડ કરતો જ નથી. જે અધુરો છે, અજ્ઞાની છે કે નાસમજણ છે તે જ અભિમાન કે ઘમંડ કરે છે. સૌ પ્રત્યે આદર અને માન રાખનાર સાચો સાધુ હંમેશા સરળતાથી જ જીવન વ્યતિત કરે છે. પૈસો, પદવી, પ્રતિષ્ઠા જ્યાં ભેગા થાય છે ત્યાં ઘમંડ આવ્યા સિવાય રહેશે જ નથી. ઘમંડ જીવનમાં પતન નોંતરે છે.

*- સંકલન*

૧૯૫૬ - ૨૦૦૬ જયોતિ-પૂંજ

# ''૦૪-૦૬-૨૦૦૦''

શું તમને બધાને આ દિવસ યાદ છે, ઘણા ખરાં વિચારશો પણ બહુ યાદ નહીં આવે. આ દિવસે મોટું વાવાઝોડું આવ્યું હતું. ના, તો શું ભુકંપ આવ્યો હતો... ના, પ્રલય આવ્યો હતો... ના, તો પછી શું?

લો કહી દઉં,

આ દિવસે માનવ મહેરમાન ઊમટ્યો હતો. વાવાઝોડારૂપે, પ્રલય રૂપે અને ભુકંપ રૂપે, બીરલા માતુશ્રી સભાગૃહમાં રવિવારે સવારે જ્યારે શ્રી બાલાસિનોર નવયુવક સંઘનો ૫૦ વર્ષનો bns@gjentertainment.comનો એ ઐતિહાસિક પ્રોગ્રામ યોજાયો હતો. હવે યાદ આવશે એ બધી પળો, એ બધી વાતો અને આખા પ્રોગ્રામની ઝાંખી. આ પ્રોગ્રામને ગયે લગભગ સાડા છ વર્ષ થવા આવ્યાં પણ જે લોકોએ આ પ્રોગ્રામ નીહાળ્યો અને માણ્યો છે તેઓ આજે પણ યાદ કરે છે.

આવો આવો જ એક બીજો પ્રોગ્રામ નિહાળવાં, માણવા આ વખતે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત 'જ્યોતિપુંજ'ના ૫૦ વર્ષની ઊજવણી કરવા. ફરી એક વખત આપ સૌના સાથસહકાર સાથે અમો આ પ્રોગ્રામ ઊજવવા જઈ રહ્યાં છીએ, કદાચ જૂન ૨૦૦૭માં.

આ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે તમારે તમારું ૭ કે ૮ જણાનું ગ્રુપ બનાવવાનું છે, ગરબો, ફીલ્મી ગીત, થીમ ડાન્સ, ભાંગડા, બાંબુ ડાન્સ વગેરે વગેરેમાંથી કોઈ પણ આઈટમ નંબર (૬ થી ૭ મિનિટ મેક્સીમમ) આપી શકાશે. આ પ્રોગ્રામમાં બીજા અન્ય પ્રોગ્રામનો સમાવેશ કરવાનો હોવાથી ફક્ત ૯ થી ૧૦ ગ્રુપને લેવામાં આવશે. તમારે તૈયારી તમારી રીતે કરવાની રહેશે.

ફાઈનલ સીલ્કેસન કરતાં પહેલાં જે ગ્રુપનો પ્રોગ્રામ સારામાં સારો હશે એના ગ્રુપને ચાન્સ મળશે. તો આવો જલદી કરો. તમારા નામ લખાવશો. (ગ્રુપ બનાવીને અને શું આઈટમ આપવાના છો એ લખીને).

કન્વીનર શ્રી જતીન ન. દેસાઈ, ફોન : ૯૮૨૦૦ ૪૯૧૩૪, ૨૨૦૦ ૧૬૫૯. સંસ્થાની ઓફિસમાં સમય દરમિયાન અથવા તંત્રી શ્રી નિખીલ બા. પરીખ - ફોન : ૯૮૨૧૩ ૨૬૪૩૨, ૨૪૪૪ ૯૯૨૯.

આ જ દિવસે ૧૯૫૭ થી શરૂ થઈ ૨૦૦૭ સુધી જ્યોતિ પુંજને ૫૦માં વર્ષમાં પહોંચાડનાર તેમના હયાત તંત્રીઓનું સન્માન કરીશું. જેમના નામો નીચે મુજબ છે.

(૧) શ્રી પ્રવીણ સાકરલાલ દેસાઈ ૧૯૫૭ થી ૧૯૬૦. (૨) શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીઆ (લટકારી) ૧૯૬૧ થી ૧૯૬૩ - ૧૯૬૯ થી ૧૯૭૧. (૩) શ્રી જયંતિલાલ ચંદુલાલ કડકીઆ (મરઘાં) ૧૯૬૭. (૪) શ્રી પ્રવીણચંદ્ર લલ્લુભાઈ પરીખ (રોકડીઆ) ૧૯૬૮, (૫) શ્રી કિરીટકુમાર ચંદુલાલ પરીખ (સરકાર) ૧૯૭૨, (૬) શ્રી પંકજ કિર્તનલાલ શાહ ૧૯૭૭ થી ૧૯૮૧, (૭) શ્રી ઊર્વિશ રસિકલાલ મોદી (દેવ), ૧૯૮૨ થી ૧૯૮૭, (૮) શ્રી નિખીલ બાબુલાલ પરીખ ૧૯૮૮ થી ૨૦૦૭.

આ પ્રોગ્રામને પણ ખૂબ જ સુંદર રીતે ઊજવશું. ફરી એક વખત તમારા સાથ-સહકારની અપેક્ષા છે.

**- કન્વીનર : જતીન નવનીતલાલ દેસાઈ**

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૯ | ૧૦ | ૧૪-૧-૨૦૦૭ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)

નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : પ્રદીપ કડકીઆ**

ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન, પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

**ટે.**(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫

(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

**: સમય :**

સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# ઓહ ! બ્રુટસ તું ?

***તંત્રી સ્થાનેથી***

*"ET U Brute ઓહ !બ્રુટસ તું ?' ઈતિહાસના સૌથી "Famous આશ્ચર્યના આઘાતના શબ્દો છે. રામે જ્યારે વાલી અને સુગ્રીવના યુધ્ધ વખતે પાછળથી બાણ છોડીને વાલીનો વધ કર્યો ત્યારે વાલીએ પણ કંઈક આવાજ ઉદગાર કાઢયા હતા. આજે હિન્દી ફિલ્મોમાં કે નાટકોમાં પણ આવા આશ્ચર્યના પ્રસંગો ખૂબ જ હૃદયસ્પર્શી બને છે. બાપ દાણચોરી કરતો હોય દુનિયાનું બધુ જ સુખ અને સાહેબી એનાં દીકરા અને દીકરીને મળતી હોય. પોતાના બાપને દેવતા માનીને પુજતો હોય અને અચાનક ખબર પડે કે એનો બાપ ખુની છે, ચોર છે ત્યારે તેવો આઘાત લાગે છે, કે પછી બે મિત્રો હોય, દિલોજાન મિત્ર અને અચાનક એકાદ છોકરી બાબત કે બીજા નજીવા કારણસર એકબીજાની સામે થઈ જાય ત્યારે આશ્ચર્ય અને આઘાતની પરંપરા સર્જાય છે. ફિલ્મોની વાત જવા દઈએ. આપણા સૌના વાસ્તિક જીવનની વાત જોઈએ. બે સગા ભાઈઓ હોય ખુબ જ પ્રેમ, એકબીજા માટે મરી ફીટવાની લાગણી હોય, ધંધામાં ને ઘરમાં બંને સાથે રહેતાં હોય. આદર્શ રામ લક્ષ્મણની જોડી તરીકે લોકો ઓળખતાં હોય અને એક દિવસ ખબર પડે કે મોટાએ નાનાને દગો આપ્યો ને બધી મિલકત હજમ કરી ગયો ત્યારે સમાજમાં સૌને કેટલી નવાઈ લાગે ? અને લોકોને તો નવાઈ લાગે પણ પેલા ભાઈની શું હાલત થાય ? હે ! મારા મોટાભાઈએ ! મારી સાથે આવું કર્યું અને એ પણ પૈસા માટે ? આના*

કરતાં પણ વધુ આઘાત મા બાપને લાગે છે. જ્યારે એના છોકરાઓના ઘરે ઓશિયાળા થઈને રહેવું પડે છે અને છોકરો કે વહુને તાબેદાર થઈને રહેવું પડે છે હે! મારો છોકરો જ આવો નીકળ્યો? પેટનો જણ આવો નીકળ્યો? કે પછી છોકરો બાપને દગો આપી બધી મિલકત ઉપર કે ધંધા પર પકડ જમાવી લઈને બાપને નિરાધાર કરી નાખે ત્યારે બાપ ઉપર શું વીતતી હશે.

ઉપરના વિવિધ પ્રસંગો અને આપણા રોજીંદા જીવનમાં બનતાં પ્રસંગો ઉપર નજર નાખીશું તો આપણને જોવા મળશે કે આ આશ્ચર્ય આઘાત, હે! ની લાગણી આપણા અંગત સૌથી વિશ્વાસુ માણસો તરફથી જ મળતી હોય છે. જુલીયસ સીઝરનો બ્રુટસ જમણો હાથ ગણાતો. વાલીને રામ જેવા મર્યાદા પુરષોત્તમ ઉપર કેટલો વિશ્વાસ હશે? એણે, પાછળથી બાણ મારીને વધ કર્યો! કે પછી સગાભાઈએ દગો કર્યો! એ ભાઈએ જેણે ફક્ત ઈશારા કર્યા હોત તો હું મારુ સર્વસ્વ એને આપી દેત. મારો મિત્ર, દિલોજાન મિત્ર જેને મારા દિલની બધી જ વાતો કહેતો, એ વિશ્વાસે કે દુનિયામાં મને કોઈ સમજી શકે છે અને હું જેની ઉપર સૌથી વધુ વિશ્વાસ મૂકી શકું છું એ મિત્ર મારી અંગત વાતો લોકોને જણાવી મને હાંસીને પાત્ર બનાવ્યો કે પછી પૈસા જેવી શુલ્લક બાબત માટે વર્ષોનો વિશ્વાસ તોડી નાખ્યો? એક કવિ એ ખુબ સુંદર શબ્દોમાં આ વાત જણાવી છે.

''જીવનના અંત સમયે
જખ્મોની યાદ જોવી હતી
બહુ ઓછા પાના જોઈ શક્યો
બહુ અંગત અંગત નામ હતાં.''

તો શું કોઈની ઉપર વિશ્વાસ નહીં કરવાનો? ઘણા કહે છે સગાબાપ ઉપર વિશ્વાસ નહી કરતો પણ મારું અંગત માનવું છે કે વિશ્વાસ તો માનવ જીવનનો પાયો છે. વિશ્વાસ વગર પ્રેમ કેવી રીતે શક્ય છે અને પ્રેમ વગર તો જીવન સંભવી જ ન શકે. પતિ પત્નિ વચ્ચે, બે ભાઈઓ વચ્ચે કે મા બાપ અને સંતાનો વચ્ચે વિશ્વાસ ન હોય શંકાથી એક બીજાની હિલચાલને નિહાળતા હોયતો પછી પ્રેમ, નિસ્વાર્થ પ્રેમ ક્યાંથી શક્ય બને અને આવનાર એકાદ એવી ક્ષણનો વિચાર કરીને સંબંધોમાં શંકા કર્યા કરીએ તો સંપૂર્ણ પ્રેમ પણ શક્ય નથી. હા એમાં જીવનમાં આવનાર હેં તુ પણ! જેવા ઉદગારોમાંથી બચી જઈ શકીએ પણ ફક્ત ભવિષ્યનાં કદાચ બનનાર પ્રસંગથી કે બીજાઓના પ્રસંગો સાંભળી કે વાંચીને આપણા જ લોકો ઉપર વિશ્વાસ ન કરીએ તો એ જીવન આકરુ થઈ પડશે.

આપણને ઘણીવાર થાય કે આપણા જ લોકોએ આપણી જ સૌથી વિશ્વાસપાત્ર વ્યક્તિએ આપણી સાથે કેમ આવું કર્યું એના કરતાં, તો પારકાં કામ લાગ્યા. પણ વિશ્વાસ શ્રધ્ધા અને આઘાત આશ્ચર્ય એ એકબીજા સાથે ખુબ જ નીકટતાથી સંકળાયેલા છે. વિશ્વાસ હોય તો જ આઘાત લાગે. શ્રધ્ધા હોય તો જ આશ્ચર્ય થાય આપણને રસ્તામાં જનાર માણસ લાફો મારશે કે બે ગાળો આપશે તો આપણને એટલું દુ:ખ નહી થાય જેટલું એક મિત્ર કે આપણી સૌથી વધુ વિશ્વાસપાત્ર વ્યક્તિ આપણને એકાદ કડવો બોલ ને દુ:ખ પહોંચાડશે. પણ આવું જ સુખ પણ અંગત માણસોજ આપી શકે છે. આનંદાશ્ચર્ય પણ મિત્રો જ આપી શકે છે. કેટલાંક પ્રસંગે આપણે ગદગદ લાગણી સભર બની જઈએ છીએ, આટલો પ્રેમ, આટલી લાગણી મારા માટે આટલો ત્યાગ! આમ ઘણીવાર આનંદાશ્ચર્ય સાથે પ્રેમ વધે છે. સંબંધો બંધાય છે અને ખુબ નીકટના સંબંધો દુખદ આશ્ચર્યથી તુટે છે પરંતુ વિશ્વાસ એ તો જીવનનો શ્વાસ છે. એના વગર જીવન જીવવું અસહ્ય બની જશે. પછી ભલે એ વિશ્વાસ જન્મ લેશે ફક્ત ખોળિયું બદલાશે વિશ્વાસુ પાત્ર બદલાશે પરંતુ વિશ્વાસ અમર છે. પ્રેમ અમર છે.

✍ **નિખિલ પરીખ (૧૯૯૭)**

# શુ છૂટાછેડા એ જ છેલ્લો ઉપાય ?

બાળક જન્મે પેડાં યા બરફી વેંચાય, વર્ષોના વર્ષ બર્થ ડે ઉજવાતી જાય. લાડકોડ સાથે બાળકોનો ઉછેર થાય અને અંતે જુવાનીની જોબનાઈમાં ઝુલતાં સગપણ નક્કી થાય યા તો લવ મેરેજ થાય. એરેન્જ મેરેજમાં તો બન્ને સાવ અજાણ હોય અને જેવી સગપણની વધાઈ થાય ગોળધાણા ખવાય અરે ભૂલી હવે તો રીંગ સેરીમની ગોઠવાય અને હર્ષોલ્લાસ સાથે કલેપ્સ અપાય અને મ્યુઝીક સાથે રીંગ પહેરાવાય. આ તો જીવનની મધુર શરૂઆત થાય. આંખોના ઈશારાએ હૈયાની વાત બોલાતી જાય અને હૃદયની પાટી પર પ્રેમની લીપી લખાતી જાય. આનંદ  હી આનંદ મન ઝૂમે, નાચે.... પરંતુ દિવસનાય તારા તોડી લાવાનાર પતિદેવો અને પત્નીશ્રીઓ વચ્ચે ન જાણે પ્રેમની પરિભાષામાં ઈન્ફેકશન લાગી જાય, આ ઈન્ફેકશન ઓડીર્નરી હોય તો એન્ટીબાયોટીક્સ લેવાથી એટલે કે થોડીશી સમજૂતીથી સારું થાય પણ કવચિત 'ઉંટ કાઢતા બકરું પેસે' એવું પણ બનતું હોય છે. રીયલમાં આ ઈન્ફેકશન પ્રેમ રોગને જ લાગુ પડે છે. ઈન્ફેકશન જેમ વાયરલ હોય તેમ બેડ બ્રીધ જેવા સંસ્કાર, સોબત યા અજ્ઞાનના વાયરસ લાગતાં સંસાર સુખમાં દિમક લાગી જાય છે. પ્રેમની પરિભાષા વાંચતી આંખોમાં કંઈ જ કરતાં કંઈ જ દેખાતું નથી. એટલે કે તેમના પોતાના બાળકો ય નથી દેખાતાં કે નથી માતા પિતા કે સગાં સંબંધી. આવી ડામાડોળ સ્થિતિ એવી બને છે કે ચારે કોર ઘુઘવતાં મહાસાગરની વચ્ચે જીવન નૈયા ડોલતી થાય અને એજ સ્ટેજ કે નાવ ડૂબે એટલે કે ડીવોર્સને દરવાજે દસ્તક લાગે છે.

હવે સગાં સંબંધીઓ અને સમાજમાં અફવાઓની ઝાંકમઝોળ રોશની ઉઘાડ બંધ થતી રહે છે એટલે કે અફવાઓની રીમઝીમ! વળી સમાજના લોકોમાં વાયકા શરૂ થશે.'બાપ આજની છોકરીઓની સહનશક્તિ નથી હોતી. તો વળી કોઈ કહેશે કે પૈસાનો રૂઆબ છે, કોઈ કહેશે માઓની ચઢમણી છે તો કોઈ કહેશે ભણેલી છે એટલે રૂઆબ રાખે. આમ વાતો વહેતી થયા એમાંય બદનામ તો સ્ત્રીઓ જ થાય? પુરુષોનું સ્વછંદી પણું કોઈને દેખાય જ નહી.... આ છે આપણો સમાજ.... પરંતુ એવું નથી...

સ્ત્રીનું હૃદય સુકોમળ, લાગણીશીલ હોય છે. તે તો પ્રેમની ભૂખી હોય છે. થોડો પ્રેમ મળતા જ તેની જાત તેનો સંપૂર્ણ પ્રેમ પતિને સંપૂર્ણ રીતે સમર્પિત કરતી હોય છે. પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર નારી... પણ પુરુષ વર્ગ હર હંમેશ પોતાના પૌરુષત્વને પોષતો જ રહ્યો છે. તેનો અહંભાવ મહદ અંશે છલકાતો રહે છે અને તે તેની પ્રિયકર પત્નિમાં દૂર્ગુણોના કંકર શોધવા માંડે છે.

તું તો સાવ જ અક્કલ વગરની છે? યા તેના પર શંકાના વાદળોનો જબરજસ્ત ઘેરાવ છવાય છે, ''તું આ દાનાવાળાની ત્યાંથી જ કેમ અનાજ લાવે છે, તું ઘાટી સાથે બેસીને કેમ કપડાં ઘસે છે, તું દરજીને ચાહ હાથોહાથ કેમ આપે છે, તું દીયર જોડે કેમ હસીને બોલે છે, તું બહારથી કેમ મોડી આવી? તારા હગલાને મળવા ગઈ હતી? વરના દોસ્તાર સાથે હસીને કેમ બોલે છે, તે તારો હગલો લાગે છે. હોટેલમાં જાય તો હોટેલ બોય તારી સામે કેમ જોતો હતો, પેલો ઉપરવાળો આપણા ઘરમાં વારે ઘડીએ કેમ આવે છે, તારે હશે કોઈ લફરું તેની સાથે? આવા તો કંઈક સવાલો અને જવાબમાં તાંડવ પ્રહાર થતો રહે છે. આખરે રોજ બરોજની આ પ્રક્રિયા ચાલુ થતાં નારી ઘર છોડે કે? ડીવોર્સને જ દસ્તક દેતી થાય છે.

વળી કંઈક સ્વછંદી નબીરાઓ પૈસાની છોળોથી છલકાંતા હોય એવા નબીરાઓ ઘરવાળી બહારવાળી રાખતાં થાય છે. ધીરે ધીરે ઘરમાં પગ પેસારો કરવો બહારવાળીને. યા પોતે જ ત્યાંજ રહેતો થઈ જાય ઈજ્જતની ધજીયાં ઉડતી રહે સમાજમાં? નારી તો નારાયણી કહેવાય છે. સહનશલીતાની મૂર્તિ કહેવાય છે. જે નારી પ્રસવ વેદનાને સહન કરી જાણે એ નારી નાની નાની વાતોને તો ઘોળીને પી જતી હોય છે. વહેતા વાયરાની મીઠી મહેકમાંથી દૂર્ગંધની ઝોંક પ્રસરતી જાય

છે. વળી આજના પ્રાશ્ચિમાત્યના રંગે રંગાયેલા યુવાન યુવતિઓ કોક ડ્રીંકની પાર્ટીઓમાં ઝુમતાં રહે છે. પબમાં ડાન્સ પાર્ટીમાં નાચતાં નાચતા યુવાની ક્યારેક બીકાઈ જાય છે. પાર્ટનર બદલાતાં રહે છે અને વાતાવરણની સીઝન બદલાય છે અને પાર્ટનરશીપમાં અંટસ ઉભા થયા છે? મોડી રાત સુધી ફ્રેંડો જોડે રખડવાનું અને ડ્રગ્સ, સીગારેટના ધુમાડામાં વાતાવરણ પોલ્યુશનયુક્ત બને અને લાસ્ટમાં ડીવોર્સના ફૂટ સ્ટેપ ગણાતા થાય છે.

ઘણીવાર માઓની દખલગીરી ચિંગારી બની જાય છે. 'મોટી જોઈ ન હોય તો, બાપને ઘરે જ્યુસ કોઈ દિવસ જોયાં હોય તો ને?' અહીં તો ટેક્સી વિના હાલતાં નથી ગૌરી, માને ત્યાં દાદરા ચઢવાના, બસોમાં ફરવાનું, ચાલીમાં ટોયેલટ જવાનું, પેદલ રખડવાનું, ઘાટીનાય કામ કરવાના. આમ સાસુમાના મેંણાનો વરસાદ., નણંદબાની ભાઈના કાન ફૂંકવાની ટેવોથી સ્ત્રીઓની સહનશીલતા ડગી જતી હોય છે. ગૌરી રૂપાળી વહુઓ સાધારણ ઘરમાંથી લાવે અને પછી એની જ વિરુદ્ધ વરના કાનમાં ભંભેરણી. આવા તો કંઈક કારણો ડીવોર્સના ફૂટ સ્ટેપ બને છે. ઘણીવાર ઉલટી ગાડી ચાલતી થાય છે. સ્ત્રીઓ સાસુને તંગ કરતી થાય છે. મારો બેડરૂમ અલાયદો, મારો બાથરૂમ કોઈએ વાપરવાનો નહી, બપોરના ૧૨ થી ૪ મારો બેડરૂમ બંધ રહેશે અને કાંઈ કામ કરવાનું નહી. મહેમાન આવે તોય ગમે નહી. વળી વરને તો હેન્ડપેક હસબન્ડ બનાવી દે. તે તો ફક્ત દુમ હીલાવે, આમ ઘરમાં રોજની ચકમકની ચીંગારીથી ઘરમાં ભડકો થાય, પિયેર જઈ પડી રહે અને છેલ્લે ચાલ જુદા રહેવા જઈએ અને એમાંય કંઈ ન વળે તો વાત ડીવોર્સ પર આવી અટકે.... તો કોઈવાર સાસરમાં પૈસાની કમી થાય, બીઝનેસમાં ખોટ જાય તો પણ હરીફરીને ઓરીયો ધોરીયો ઘરની લક્ષ્મી સમ વહુ પર આવે છે. ' તું તો સાવ છપ્પર પગી છે. તારા પગલાં જ વિનાશી છે. વળી એક કારણમાં દેરાણી સુંદર હોય ભેગા ઘરમાં રહેતા જેઠની નજર બગડે ત્યારે સ્ત્રીનું શિયળ જોખમાતા કાં આપઘાત અને નહી તો વાત ડીવોર્સ પર આવે, કોઈ મહોદય માણસમાં જ ન હોય. માતા પિતા છૂપાવી લગ્નો તો કરાવે, બે ચાર મહિને પોલ ખૂલે એટલે છેલ્લો રસ્તો ડીવોર્સ આવે?

પહેલાનાં લોકોમાં આટલું ભણતર ન હતું ત્યારે લોકો બોલતાં કે 'કુંભારના ઘરનું હાંડલું થોડું છે કે બદલી નંખાય, પડયું પાનું નિભાવવામાં જ મહાનતા હતી.' અને અત્યારે ભણતરનો નીનાદ ઉલટી સીટી બજાવે છે. આપણે કેમ સહન કરવાનું એ એના ઘરનો? હું તો સબક શીખવાડીશ. ડીવોર્સ લઈને જ રહીશ. તેની દાદાગીરી, તેની આપખુદી હું કાંઈ ચલાવીશ નહી. આમ ગમે તેટલી અંડર સ્ટેડીંગ હોય વાત ડીવોર્સ પર જાય છે.

હવે આગળ કહ્યું તેમ કારણોના જાળામાં અટવાતાં, નિષ્ફળતાના વમળમાં સ્ત્રીઓ અને બાળકો સફર થાય છે. નારીને પણ ડીવોર્સના - સીંબોલ સાથે જીંદગીની અધૂરી સફર ખેડવી બહુ જ અઘરી હોય છે. એ મહામૂલો પ્રશ્ન તો ખરોજ, વાત નાની હોય કે મોટી આનું સ્લોયુસન શાંત અને વિચારતાં નિવારી શકાય છે. બન્નેએ થોડી સહનશીલતા, મનની ઉગ્રતા અને ગુસ્સો કાબુમાં રાખી એકબીજાના સ્વભાવમાં એડજેસ્ટમેંટ કરીને નીવારી શકાય. ઘેરાયેલ વાદળો વરસી જતાં જીવનનું આકાશ નિરભ્ર બની જાય છે.

## કળી

શું ખબર હતી કળીને? ખીલી ને કરમાવું પડશે
કરમાઈને ખરવું પડશે, માનવ તુજને ખબર છે
બાળપણ ગુજરશે ને, જુવાની જીરવવી ભારે પડશે
વાનપ્રસ્થ વસમું લાગશે,
ઘડપણ ગુજારવું દોહયલું લાગશે
સંયમ તથા શાંતિ જાળવવી પડશે,
અપમાનના ઘુંટડા ગળવા પડશે
પરિપકવતાથી જીવન જીવવું પડશે
અંતે આપોઆપ સ્મિત રેલાશે
'કળી'ને અસ્તિત્વનો અહેસાસ ગમશે

*- પ્રવીણા કડકીઆ*

૧૯૫૬ - ૨૦૦૬ જ્યોતિ-પુંજ

જીંદગીનું નામ જ એડજેસમેન્ટ. ઉભયમાં એકબીજાને સમજી લે, શાંત મને વિચારે, બન્ને એકબીજાના સ્વભાવને સમજી થોડા ભોગ આપે અને વળી વિશ્વાસ એ બહુ મોટી ચીજ છે. શંકાને વચ્ચે લાવી તમારી જીંદગીને ખારી ઉસ ન બનાવો. મહત્વની વાત તો એ જ છે કે બાળકો જ એમાં સફર થાય છે. તેમની જીંદગી અકાળે મૂરઝાય છે. માસુમ બાળકોનો આમાં શો વાંક! એમની માસુમીયત મુરઝાય. પ્રશ્નાર્થ બની જાય એ પહેલાં શાંત મને સમસ્યાનું નિરાકરણ લાવો. સહન તમે કરો. બાળકોની આંખમાં માતાપિતાની છબી રમતી જ હોય છે. સહન તેઓને શા માટે કરવાનું? બાળકોનાં મનમાં જાગતાં ઉમંગો, આનંદ કોની સાથે શેર કરશે? તેમનાં જીવનમાં આવતા પ્રશ્નોનું નિરાકરણ કોણ કરશે? ધરતીનો છેડો ઘર અને ઘરમાં રહેતા પંખીડાઓ કિલકિલ કરતાં રહે. સુખ શાંતિથી રમતાં રહે, બીજાને દૃષ્ટાંત રૂપ બની પ્રેમનું પારિભાષિક સત્વ જીવનમાં ઉતારો, જીંદગીની પાટીમાં નિર્મળતા પવિત્રતા, શાંતિ અને પ્રેમના અક્ષરો પાડો તો? જીંદગીની ડીકશનરીમાંથી દુર્ગુણ એવો એક માત્ર શબ્દ ડીવોર્સ ભૂંસી, બાળકો સાથે જીવનનું પિયુષ પીઓને પીવડાવો. ખિલતો જીવન બાગ ના મૂરઝાય એજ સાચું ભણતર અને સાચી સંસ્કારીતાનું સાચું ચણતર છે. ભાઈઓ બેનો તમારી આંખમાં ઉભયની ક્ષતિઓને નિમૂળ કરીને બાળકોને કે તમારા ચારેય માતાપિતાને તમારા કાર્યથી લજ્જીત ન થવું પડે. વળી વરજીઓ ઈન્ફીરીયેટીવ કમ્પલેક્ષથી પીડાતા રહે છે. એમના કરતાં જો વાઈફ સુપીરીયર હોય તો? અને ત્યાં જ શંકાના વાદળ ઘેરાય છે. અને વિશ્વાસની દોર તૂટે, ત્યાંજ ખોટકાય છે. સપ્તપદીના મંગલ ફેરા વખતે અપાયેલા કોલ શું મજાક છે? આમ અગ્નિસાક્ષી અને સમાજના સગા સ્નેહીઓ સામે અપાયેલા ઓથ પરીપૂર્ણ કરો. સ્વર્ગ સમા સંસારને હોડમાં ન મૂકતાં જીવન બાગને ખીલવો. વાઘરી વહવૈયાં હોય એ આમ ઝઘડે, શરમને નેવે મૂકે, માટે જરૂરથી વિચારણા માંગે છે કે 'છૂટાછેડા એ જ માત્ર એક ઉપાય' એ ઉક્તિને જૂઠલાવી દો. બીજાના બાળકો જોઈને તમારું બાળક નિરાશા અનુભવે. છોભીલાપણું અને નિરાશ્રીત ગરીબડા હોય એવી એમની પરિસ્થતિ ન થાય. સૌની દયાને પાત્ર ન બને. ડીવોર્સ એ કંઈ તડ જોડ નથી. તમારા હૃદયને ટટોલો. તમે જ તમારા મનને પ્રશ્ન કરો કે મારી ક્યાં ભૂલ છે? હું વ્યર્થ ક્યાં સફર થાઉં છું. વળી કંઈક સ્ત્રીઓ પણ કુલટા બનતી હોય છે? ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય. ક્યાં તમે ખોટા છો? ક્યાં ભૂલોથી ઘેરાવ છો? એ શાંત મને વિચારો, પવિત્રા અગ્નિસાક્ષી એ સમાજના દર્પણ સામે સપ્તપદીને સુસંસ્કૃત રીતે નિભાવો. જીવનનું અમૃત પીઓ, પીવડાવો અને જૂઠલાવી દો. ડીવોર્સ શબ્દને એ એક જ પર્યાય નથી. કોઈ પણ પરિસ્થિતિ કાયમ નથી રહેતી. ઈશ્વરનામને રાત્રિનીશાંતિમાં લો અને પર્યાય શોધો, જીવનને અમૃત રસથી તરબોળ કરો.

વ્યસનો અને દૂર્ગુણોથી અલીપ્ત બનો... એજ અભ્યર્થના...

માતા પિતાએ પણ બાળકોમાં પડેલી તિરાડને જોડવા પ્રયત્નશીલ બનવું જ જોઈએ. યેન કેન પ્રકારેણ ડીવોર્સના શબ્દને જૂઠલાવીને સંધિ કરાવવી જોઈએ. બાળકો માતા પિતાને ખૂબ જ પ્યાર કરતાં હોય છે અને તે પણ એક કારણ છૂટાછેડાનો પર્યાય બનતું હોય છે. તો આ વાત મન પર ધરીને સોગંદ આપી યા અપવાસ પર ઉતરી યા પ્રેમનું પ્રતીક કોઈ પણ એવું હથિયાર બનવીને જીદનું નિવારણ જરૂરથી કરવું જ જોઈએ. વાદળ ઘેરાયેલું વરસી જશે અને જીવન બાગ ફરથી મહેકતો થઈ જ જશે બાળકોનો.

❐ *ઉષા ધારીઆ*

## કાતર - સોય

બની શકે તો સોય બનો, કાતર બનવાનું ટાળો
આ જગજીવનમાં આવ્યા છો, તો પ્રેમની ગંગા બહાવો.....
ઉંચ નીચના ભેદ ન જાણો
સમદ્રષ્ટિ તો રાખો..... આ જગ જીવનમાં
મારુ તારુ મુકી દઈને
આપણે રે સમજાવો..... આ જગ જીવનમાં
ધર્મ અર્ધમનો ભેદ તો સમજો
ગીતા વાણી વિચારો..... આ જગ જીવનમાં
રાય રંક ને સરખા જાણો
કર્મનું બંધન સમજો..... આ જગ જીવનમાં
એકલા આવ્યા એકલા જાશો
પંથ કોમળ રાખો..... આ જગ જીવનમાં
માતા પિતાને ગુરુ વંદના
જીવનમાં ઉતારો..... આ જગ જીવનમાં
રામ રહિમ તો એક જ છે
લોહીનો રંગ છે રાતો..... આ જગ જીવનમાં
આ જગજીવનમાં આવ્યાં છો તો, પ્રેમની ગંગા બહાવો

❑ *સરલાબેન દેસાઈ (દેડકી)*

## મોહનગરી

ચલ મન મુંબઈ મોહ નગરી જોવા
જેમ પૂંછડી વિનાની માછલી જોવા
જ્યાં માનવ સૌ ચિત્રો જેવા
વગર ઓળખાણે મિત્રો જેવા
નહીં પેટી નહી બિસ્ત્રો જેવા
આ તીરથની જાત્રા છે સહેલી
સિમેન્ટ ક્રોકીટ કાચ પથ્થર એવા
તાર બલ્બ સ્ક્રૂ ખીલા એવા
ઈન્દ્ર દેવની ભૂલેલ લીલા
એવી આ ચલ, મન મોહી મુંબઈ નગરી જોવા
રસ્તે રસ્તે ગલીયે ગલીયે
વસી રહ્યો છે માનવ સમુદાય
એમાંય લોકલ ટ્રેનની છે મઝા નીરાળી
એમાં રોજની ધક્કામુક્કી છતાં
છે ભાઈચારી માનવતા ભારી
ચલ મન મુંબઈ મોહ નગરી જોવા

❑ *રૂપલ રજનીકાંત પરીખ (વડદલાવાળા)*


# શ્રી બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લિમિટેડ

**ફોન : ૨૩૮૮ ૬૧૧૮ - ૨૩૮૮ ૭૭૮૯**

માનનીય ગ્રાહક બંધુઓ તથા શેર હોલ્ડર બંધુઓના આટલા વર્ષોના આપના સાથસહકાર બદલ આપનો આભાર, ચાલુ વર્ષે પણ અમોને આપ સૌ સંપૂર્ણ સાથસહકાર આપી અમારા કાર્યકર્તાઓને વધુ ઉત્તેજન આપશો.

અમને જણાવતા હર્ષ થાય છે બારે માસ ભરવા લાયક **ચોખાની વિવિધ જાતો** જેવી કે...

**કોલમ, આંબામોર, પરીમલ, બાસમતી આખા, બાસમતી પોણિયા, બાસમતી ટુકડા** જે પ્રતિષ્ઠિત કંપનીની મળશે.

વધુમાં દરેક જાતના ઘંઉ, ચોખા, મગ, મગની દાળ, ચણા દાળ, તુવેર દાળ, લાલ ચણા, કાબુલી ચણા, મઠ, વાલ, વાલની દાળ, ખજૂર લાલ - કાળુ, સુકો મેવો, બદામ, કાજુ, કીસમીસ, અંજીર, આલુ, એલચી પણ મળશે.

ખાંડેલુ લાલ મરચું, રેશમ પટ્ટી, કાશ્મીરી ધાણાજીરું, હળદર, ગરમ મસાલો, જીરું, અજમો, રાઈ, મેથી, લવિંગ, મરી, તજ, સૂંઠ પાવડર, પીપરીમુળ પાવડર, આમચુર પાવડર વગેરે.

**વ્યાજબી દરે ૧૫ કિલો હોય તો ઘેર બેઠા ફ્રી હોમ ડીલીવરી કરવામાં આવશે.**

*- જયંતિલાલ સાકરલાલ ધારિયા (દલાલ) - ચેરમેન*

**બાલાસિનોરવાસીઓને ખાસ વિનંતી કે ગ્રાહક મંડળીને પોતાની સમજી ત્યાંથી જ ઘરવપરાશની વસ્તુઓની ખરીદીનો આગ્રહ રાખશો.**

# જલસા કરે છે !

નથી ક્યાંય શ્રધ્ધા, નથી ક્યાંય વિશ્વાસ,
દિસે દંભડોળા, નજર જ્યાં પડે છે
બધાં નીતિમૂલ્યોને નેવે મૂકીને,
જુઓ પક્ષપલટુઓ જલસા કરે છે....
રડે કોઈની માતા, તો પિતા કો રડે છે,
અને દૂધ માટે કો બાળક રડે છે,
સુશિક્ષિત યુવકો નોકરીને રડે છે,
છતાં પક્ષપલટુઓ જલસા કરે છે....
ગરીબોના ચૂસીને લોહી તે ખુશ છે,
નિજાનંદે સ્વાર્થ હંમેશાં તે મસ્ત છે
સળગતા મૂકીને બધા પ્રાણપ્રશ્નો,
જુઓ પક્ષપલટુઓ જલસા કરે છે....
દગો દઈને પક્ષને, બીજામાં ભળી જઈ,
અને ઉન્નતિનો લવારો કરી લઈ,
શરમ આવે છે અમને, પ્રતિનિધિ પર એ
છતાં પક્ષપલટુઓ જલસા કરે છે....
સગાવાદ પોષ્યો ને વેરવૃત્તિ વાળી,
પાયમાલી સર્જીને, બદનામી વહોરી,
કરોડોના ખરચે, નવી ચૂંટણી લાદી,
જુઓ ખુરશીદાસો, આ જલસા કરે છે...
પણ કુદરતે કેર કાળો વર્તાવ્યો,
જુઓ માનવીઓએ છે સંહાર સર્જયો,
ફરજની કે ના માનવતાની પડી છે.
જુઓ પક્ષપલટુઓ જલસા કરે છે....
હવે તક મળી છે તો તેઓને કહી દો
દગાબાજ, વિશ્વાસઘાતી તમે છો,
ભરોસો ન કરવાને લાયક તમે છો,
નિરાંતે હવે ઘેર બેસી શકો છો
તમારામાં સેવાની બુનિયાદ છે ક્યાં ?
ભીની આંખો લુસવાની હિંમત દિશે ક્યાં ?
તમો માહોમાહે લડીને મરો છો,
અને સાથ ઉભેલને પાડી દો છો
તમારા સહારે નહિ દેશ તરસે,
તમારા પનારે વધુ દેશ ડૂબશે,
હવે ભોળવી નહિ શકો આ પ્રજાને
હવે ઘેર બેસજો નિવૃત્તિને વરીને....
તમારી રગોમાં ના સેવાના ગુણ છે
તમારા હૃદયમાં ના ભલાઈ દિશે છે
તમો સત્તાના લાલસું છો દિશે છે
પ્રજાહિત હૈયે નથી તે દિશે છે
બધાં નીતિમૂલ્યોને નેવે મૂકીને,
જુઓ પક્ષપલટુઓ જલસા કરે છે....

*- સતીશચંદ્ર ભીખાલાલ પરીખ*

# અભિમાન શા માટે ?

અભિમાન શા માટે અભિમાન શા માટે
છે ઘડી બે ઘડીનું સ્વપ્ન જીવન  અભિમાન શા માટે
તું સુખી હોય કદાચ પૂર્વજન્મનાં પુણ્યના લીધે
તો પણ ચાલ્યા એમ જ જવું અંતમાં સૌને એક જ રાહે.
તું તન ધન યૌવનનો ગર્વ કરીશ ના
એક પુણ્ય કે પાપ વિના બીજું લઈ જવાનું નથી ત્યાં
છે ધામ પ્રભુના દૂર બારી તેની નીચી સાંકડી નાની
નીચો પડી નમી જશે.
જશે જઈ શકશે નહી અભિમાની
હું હું કરી અભિમાન બોલે પણ કોણ છે તું તે કહે.
નથી મોટો તું બીજાથી, બીજા નથી નાના તારાથી
છીએ એક જ પિતાના બાળ
જશે ચેતનને થશે ખાખ તેમ છતાં માનવું હોય
તેમા હું શું કહી સમજાવું.  અભિમાન શા માટે

*- રૂપલ રજનીકાંત પરીખ (વડદલાવાળા) (કાંદીવલી)*

## શ્રી કૃષ્ણ શરણં મમ

શ્રી કૃષ્ણ શરણં મમ, શ્રી કૃષ્ણ શરણં મમ
મને લાગે પ્યારું નામ, શ્રી કૃષ્ણ શરણં મમ
શ્રી કૃષ્ણ શરણં મમ, જય શ્રી કૃષ્ણ શરણં મમ
મને લાગે વ્હાલું નામ, શ્રી કૃષ્ણ શરણં મમ
ધન્ધ ધન્ય શ્રી મહાપ્રભુજી, જેણે આપ્યો આ મંત્ર
જીવનનો ઉધ્ધાર કર્યો, શ્રી કૃષ્ણ શરણં મમ
દુ:ખના સાથી, કરૂણા સાગર, ગાગરમાં સાગર સમાન
જાગતા, સુતા, રટણ કરું શ્રી કૃષ્ણ શરણં મમ
હું તારે શરણે આવ્યો, અંત સમયના સાથી રે
તારી વાટ જોતો રહ્યો, છોડું ના સંગાથ રે
તારું મુખડું નજરો સામુ, વાટ મારી દોરે રે
અંત સમયનું જીવન સારુ, તુજ ચરણે ગાળુ રે
પ્યારું ધામ તારું રે, શ્રી કૃષ્ણ શરણં મમ
વ્હાલું નામ તારું રે, શ્રી કૃષ્ણ શરણં મમ
રટણ કરતાં દેહ છુટે, શરણ તારું લાંધ્યું રે
ના ભુલુ, ના વીસરું તુને, અતં સમયના બેલી રે
પ્રેમથી બોલો, પ્યારથી બોલો, શ્રી કૃષ્ણ શરણં મમ
શ્રી કૃષ્ણ શરણં મમ, જય શ્રી કૃષ્ણ શરણં મમ
દુ:ખમાં સુખમાં લાંધ્યુ રે, શ્રી કૃષ્ણ શરણં મમ
રૂદયે તુજને ચાપું રે, શ્રી કૃષ્ણ શરણં મમ
શ્રી કૃષ્ણ શરણં મમ, શ્રી કૃષ્ણ શરણં મમ
પ્યારુ નામ તારું રે, શ્રી કૃષ્ણ શરણં મમ
શ્રી કૃષ્ણ શરણં મમ, જય શ્રી કૃષ્ણ શરણં મમ
વ્હાલું નામ તારું રે, શ્રી કૃષ્ણ શરણં મમ

*- 'ચાંદશા' - ચંદ્રકાંત શાહ (ચટઈ)*

## जगदिश्वर

पथ्थरसे बनाया क्यो, कागज पे जरूरत क्या
तेरी दिलमें उतारी है, वो छबी मनोहर है
तुझे कैसे बताउ में, तू कितना प्यारा है
तू इतना सुहाना है, ये रिश्ता पूराना है
तेरे क्या करु गुनगान, तुझे देखु रहे ना मान
तेरा कणकणमें आवास, तुझे पाउ हरपल पास
तेरे भिन्न सुंदर स्वरूप, तेरा शिवम पवित्र रूप
तू सत्य सभर पावन, तू सबके मन भावन

**- प्रवीणा**

# Grandmother

My granmother is very kind
She is smart because of her brilliant mind
My grandmother likes to cook
And when she gets bored she reads a book/
Grandmother takes me out of town
When I get mad and hava a frown
My grandmother likes to share
For she is kind and likes to care
I think grandmother is the best
For she is better than the rest.
My grandmother helps me study
When she tells stories she is funny
When I come to eat her food
That whole day I'll be in a great mood
I love my grandmother as you can see
For she is always there to help me

***by Tajas Parikh*** (Age 11)

## એવા હતા મારી નાની

ગોરો રંગ, ચાંદી જેવા વાળ ને આંખો હતી નાની નાની,
એવા હતા મારા નાની
આવે રજા અને ઉભા રહે એ ઉમરે,
જોવા વાટ અમારા આવવાની,એવા હતા મારા નાની
પ્રસાદ અને પનો આપે, કહે વાર્તાઓ ખૂબ મજાની
એવા હતા મારા નાની
વ્હાલ કરે ખૂબ, લાડ પણ લડાવે અને
ચિંતા કરવાની આદત પૂરાની,એવા હતા મારા નાની
જીદ્દી ઘણા, બધા વઢે તોય કરે પોતાની મનમાની
દલીલ મા તો વકીલ હતા,
કહે મા છું હું તારી એ મા ની એવા હતા મારા નાની
ક્યારે મળીશું એમ પૂછતા,
ને રહાએ ના જોઈ મારા આવવાની
એવી શું જલ્દી જવાની, મારી આંખોમાં આપીને
યાદોના પાણી, એવા હતા મારા નાના

***- ઋતુજા અશ્વિન શાહ***

# બાલાસિનોર ખાતે પ્રવચનનું આયોજન

પૂ. શ્રી શ્રી માં નુ નામ અને સેવા સુવાસ કેવળ ગુજરાતના જ નહીં, પરંતુ દેશ અને દુનિયાના સીમાડા સર કરી ચુક્યું છે. તેનું રહસ્ય છે એમનો વત્સલ સેવાધર્મ, પૂ. શ્રી શ્રી માં ભગવદ ગીતા, રામાયણ, યોગવાશિષ્ઠ, પાતાંજલી, યોગદર્શન ઉપનિષદો જેવા આત્મજ્ઞાનના અપ્રતિમ ગ્રંથોના મર્મજ્ઞ પ્રબોધક તો ખરા જ, પરંતુ અનન્ય માનવસેવા ધર્મથી અસંખ્ય દર્દી નારાયણો અને કુદરતી કે અન્ય આપત્તિઓનો ભોગ બનેલા અપાર દરિદ્રનારાયણોની અખંડ ઉપાસના કરનાર વત્સલ માં પણ છે. પોતે જે પ્રબોધે છે એવું જ પ્રેરક જીવન જીવે છે. પરિણામે આ સંસ્થાના દરકે કાર્યો યજ્ઞ છે ઉપાસના છે. પૂ. શ્રી શ્રી માં ના જીવનમાંથી જ પ્રેરણા અને બોધ પામેલા સૌ કોઈ સતત જય ગિરનારી મહારાજ કી જય, ૐ માં એવો જયઘોષ કરે છે. એ એમનું ચાલક બળ બની ગયું છે. તેથી તેમનું કાર્ય ઓજસ્વી બને છે, જીવન પલટી નાખનારું બને છે. પૂ. શ્રી શ્રી મા નું સદા વહેતું વાત્સલ્ય માણનાર આશ્રમનો મુલાકાતી હોય, દર્દી હોય કે તેની સાથી આવેલ સંબંધી હોય, પૂ. શ્રી શ્રી માં ની અવિસ્મરણીય સ્મૃતિ સાથે લઈને જાય છે. આ અનુભૂતિ કેવળ સ્થાનિક લોકોમાં જ નહીં, દૂર દેશાવર અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ અને અન્ય દેશોમાં અસરકારક રીતે સાચી પુરવાઈ થઈ છે. એનું રહસ્ય છે એમનું નિર્મળ વાત્સલ્ય, પ્રેમ, સેવા અને ઉદારતા.

***તેઓની દિવ્ય વાણીનો અનુભવ મળશે***

***તા. ૧૮ થી ૨૦ ફેબ્રુઆરી***

આર્ષ વિદ્યાલય પટવા શેરી, બાલાસિનોર

***પ્રવચનનું સ્થળ***

મોઢ બ્રાહ્મણની વાડીમાં,

**સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦**

**પ્રવચનકાર : શ્રી શ્રી ૐ માં અનંતાનંદ તીર્થ**

## હરિ ચિંતન

એસી પ્રીત કરો મન મેરે<br>
મન હરદિન હરિ ચિંતન કરે<br>
મન હરદિન હરિ વંદન કરે...... એસી<br>
મન હરદિન હરિ ગુન ગાવે<br>
હરિ કો સાથ કદીના છૂટે...... એસી<br>
હરિ નામકો નાહી વિસારે<br>
હર જનમ હરિ શરનમેં બિતાવે...... એસી<br>
એસી પ્રીત કરો મન મેરે......

*- ઉષા એસ. ધારિયા*

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત

## ઈન્ટરનેટ, ઈમેઈલ શીખો - મફત

ઈન્ટરનેટ, ઈમેઈલ આજના યુગની ખાસ જરૂરિયાત છે. દુનિયાના કોઈ પણ ખુણે કોઈનો પણ સંપર્ક થઈ શકે છે અને દુનિયાની કોઈપણ ક્ષેત્રની કોઈપણ માહીતી ઈન્ટરનેટ ઉપરથી પ્રાપ્ત થઈ શકે છે. આ શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. મોટી ઉમંરના વડીલો જો ઓ શીખે તો પોતાના પરદેશ રહેતા સંતાનો તથા પૌત્ર, પૌત્રી સાથે સંપર્ક રાખી શકે. ઉપરાંત બાળકો પાસે સાવ પછાત અને ગમાર ન લાગે.

શ્રી બાલાસિનોર નવયુક સંઘ આ દિશામાં એક નવું કદમ માંડે છે. દર રવિવારે સવારે ૧૦ થી ૧ સુધીમાં સંસ્થાની સી.પી. ટેન્ક ખાતેની ઓફિસમાં આ બાબત નું શિક્ષણ કોઈ પણ ફી વગર અને કોઈપણ ઉંમરની બાધ વગર આપવામાં આવશે. આશા છે સૌ કોઈ બાલાસિનોરવાસી આ યોજનાનો લાભ લેશે.

**Only for Ladies :**
**Every Thursday 3 to 5 p.m.**
**By Appointment**

વધુ વિગત માટે સંપર્ક કરો.

**મંજુલ શૈલેષ ધારીઆ**

✆ : ૨૪૯૩૩૬૧૮ • ૬૫૮૦૨૪૪૧
૯૮૨૦૧૩૫૦૧૪



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

નવું વર્ષ આપ સૌને મુબારક તેમ જ સુખ શાંતિ અને સમૃદ્ધ રહે એવી મારી શુભેચ્છા.

કહેવાય કે ઉંઘતાને જગાડી શકાય પરંતુ જાગતાને કોણ જગાડી શકે ? અર્થાત્ જેઓ તંદુરસ્તી અંગે સજાગ છે. પરંતુ આચરણમાં મુકવા અંગે અસમર્થ છે, તેમ જ જેઓને તંદુરસ્તી વિશે જાણવામાં રસ છે. તેઓ માટે આપણો હવે પછીનો કાર્યક્રમ ખુબ જ ઉપયોગી નીવડશે. શારીરિક તંદુરસ્તીમાં અસમતોલપણું ગંભીર પરિણામો લાવી શકે છે.

આગામી કાર્યક્રમ તંદુરસ્તી અંગેનો વાર્તાલાપ છે. જેનો વિષય ‘‘Yor are what you eat’’ એટલે તમે જે આરોગો છો તેવા તમે છો.

સામાન્ય રીતે ઘણાને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, મેદસ્વીપણું, સંધિવા, શરદી ઉધરસ જેવા નાના-મોટા રોગોની તકલીફ હોય છે. આપણા શરીરને બેલન્સ્ડ ફૂડની જરૂર છે. આ કાર્યક્રમ આપણને Natural way of living without medicine, with proper knowledge of balanced food અંગે શ્રીમતી અંજુ શર્મા જેઓ Health awarness centre સાથે સંકળાયેલા છે. તેઓ માર્ગદર્શન આપશે સાથે ઘી-તેલ વગરનો અલ્પાહાર આપવામાં આવશે.

**તારીખ : ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૭, બુધવાર**

**સમય : ૩.૩૦ થી ૬.૦૦ વાગ્યે**

**સ્થળ : લાડની વાડી, સી.પી.ટેન્ક**

આ અંગેના પાસ તા. ૨૨-૧-૨૦૦૭ના સોમવારના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ દરમિયાન રૂા. ૪૦.૦૦ ભરી સંસ્થાની ઓફિસમાંથી અથવા કોઈ પણ કમિટી બહેનો પાસેથી વહેલો તે પહેલો ધોરણે મેળવી લેવા. આપ સૌ બહેનો મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમ સફળ બનાવશો.

**સંયોજક - નીના કડકીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

ચિ. પિન્કીના લગ્ન પ્રસંગે શ્રી હરેશકુમાર રસીકલાલ પરીખ (લાય) તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું માતબર દાન સંસ્થાને મળેલ છે. સંસ્થા શ્રી હરેશકુમાર તથા તેમના કુટુંબીજનોનો હાર્દિક આભાર માને છે.

***- મંત્રી - શ્રી પ્રદીપ કડકીઆ***

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત**
**શ્રી મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખાં)**
**પુરસ્કૃત લાલખાં ટ્રોફી સીંગલ વીકેટ**
**ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ ૨૦૦૬-૨૦૦૭**
**તા. ૨૮.૧.૨૦૦૭**
**રવિવાર સવારે ૯.૩૦ કલાકે**
**વિલ્સન કૉલેજ જીમખાના, મરીન ડ્રાઈવ**

રૂા. ૧૦૦/- ભરીને નામ નોંધાવવા.
સંસ્થાની ઓફિસ (સમય દરમ્યાન)
**જતની દેસાઈ** (લોહાર ચાલ - સુજાતી ઈલે.)
**નીતીન પરીખ** (નાગદેવી - યુનાઈટેડ)

***કન્વીનર : શ્રી રૂપીન પ. કડકીઆ (બેરા)***

## કાર્યવાહક સમિતિ વર્ષ ૨૦૦૬-૨૦૦૭

| | | | ટેલી નં. (ઘર) | ટેલી. નં. (ઓફિસ) | ફેક્સ | મોબાઈલ |
|---|---|---|---|---|---|---|
| ૧) | શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ | પ્રમુખ | ૨૩૮૬૯૮૨૧/૨૨૯૦૯૭૧૮ | ૨૩૪૪૭૫૮૪ | – | ૯૮૨૦૧૫૭૩૩૫ |
| ૨) | શ્રી ભદ્રેશ પ્રવિણચંદ્ર ધારીયા | ઉપપ્રમુખ | ૨૩૮૭૫૩૮૦ | ૨૩૪૪૫૨૫૧ | – | ૯૮૩૩૦૭૦૬૫૦ |
| ૩) | શ્રી પ્રદીપ પ્રવિણચંદ્ર કડકીઆ | મંત્રી | ૨૩૮૬૫૭૬૯/૨૩૮૮૫૨૭૯ | ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫ | ૨૨૦૮૪૧૧૦ | ૯૮૧૯૩૮૯૪૮૪ |
| ૪) | શ્રી નીતીન સુરેન્દ્ર પરીખ | સહમંત્રી | ૨૪૯૪૭૯૪૫ | ૨૩૮૨૯૭૭૦/૨૩૮૭૧૬૧૦ | ૨૩૮૯૧૩૬૧ | ૯૮૬૯૦૧૦૧૪૦ |
| ૫) | શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી | સહમંત્રી | ૨૬૨૦૩૧૭૪ | ૨૩૮૬૪૪૭૯ | ૨૬૨૦૩૧૭૪ | ૯૮૧૯૩૪૨૮૫૬ |
| ૬) | શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી | ખજાનચી | ૨૮૯૧૩૪૭૨/૨૮૯૧૪૯૫૬ | ૨૮૨૯૧૮૯૩ | – | ૯૮૨૧૨૯૪૮૬૪ |
| ૭) | શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ | ટ્રસ્ટી | ૨૩૮૦૦૭૬૨ | ૨૨૦૬૯૧૯૬ | ૨૨૦૮૫૯૧૪ | ૯૮૨૦૦૮૦૧૯૪ |
| ૮) | શ્રી જયપ્રકાશ નવીનચંદ્ર કડકીયા | ટ્રસ્ટી | ૨૪૯૫૦૭૧૪ | ૨૩૪૩૪૧૭૭/૨૩૪૪૩૬૯૮ | ૨૩૪૨૦૮૯૯ | ૯૮૨૦૦૫૮૪૦૫ |
| ૯) | શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ | ટ્રસ્ટી | ૨૩૮૮૫૧૩૧ | ૨૨૦૬૫૯૯૨ | ૬૬૩૫૬૭૦૫ | ૯૮૨૧૫૪૪૯૫૦ |
| ૧૦) | શ્રી જસવંતલાલ કોદરલાલ પરીખ | ટ્રસ્ટી | ૨૬૮૪૦૨૦૫ | ૨૨૭૮૨૮૦૧ | – | – |
| ૧૧) | શ્રી રૂપીન પુનમચંદ કડકીઆ | સભ્ય | ૨૩૫૧૫૪૯૪ | ૨૩૪૨૦૨૨૦/૨૩૪૫૭૨૭૩ | – | ૯૮૨૧૦૩૯૦૭૮ |
| ૧૨) | શ્રી જીતેન્દ્ર પ્રવીણચંદ્ર પારેખ | સભ્ય | ૨૩૮૬૮૧૭૯ | ૨૨૦૦૬૬૦૧/૨૨૦૦૬૬૦૨ | – | ૯૮૬૯૦૦૨૪૪૦ |
| ૧૩) | શ્રી શીરીષ જગમોહનદાસ પરીખ | સભ્ય | ૬૫૦૬૯૮૦૬ | ૨૩૮૬૦૦૨૯ | ૨૩૮૨૫૦૨૫ | ૯૮૬૯૧૬૩૩૦૫ |
| ૧૪) | શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ | સભ્ય | ૨૩૮૫૭૬૮૯ | C/o. ૨૨૦૫૩૪૭૬ | – | ૯૮૨૧૦૨૯૨૭૦ |
| ૧૫) | શ્રી શશીકાંત સાંકરલાલ શાહ | સભ્ય | ૨૮૬૧૭૭૦૭ | – | – | ૯૮૨૦૭૯૭૬૫૦ |
| ૧૬) | શ્રી જાસ્મીન બીપીનચંદ્ર શેઠ | સભ્ય | ૬૬૩૩૩૦૮૫ | ૬૬૩૭૮૩૮૧ | – | ૯૮૨૦૮૩૦૦૬૦ |
| ૧૭) | શ્રી અજીત નટવરલાલ મોદી | સભ્ય | ૨૨૦૯૦૧૫૧ | ૨૨૦૨૫૧૬૬ | – | ૯૮૬૯૦૨૯૪૮૬ |
| ૧૮) | શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ | સભ્ય | ૨૨૦૬૯૯૮૮/૨૨૦૬૯૯૮૫ | ૨૩૮૦૬૯૬૪ | – | ૯૮૧૯૨૭૬૯૭૦ |
| ૧૯) | શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય | ૨૮૦૫૦૭૩૫/૩૨૯૬૯૫૩૮ | ૨૩૪૪૭૩૮૨/૩૨૪૫૭૮૪૫ | ૨૮૦૫૦૭૩૫ | ૯૮૨૦૦૧૧૫૮૬ |
| ૨૦) | શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ | સભ્ય | ૨૮૦૭૧૪૦૬ | ૨૨૦૮૯૧૩૮ | ૨૨૦૬૩૯૪૧ | ૯૮૧૯૫૦૭૪૫૨ |
| ૨૧) | શ્રી કલ્પેશ કિર્તનલાલ ધારીયા | સભ્ય | ૨૬૭૭૮૭૫૨ | ૨૨૦૬૧૫૧૪/૫૬૩૩૬૦૬૧ | – | ૯૮૨૦૫૯૭૧૪૯ |
| ૨૨) | શ્રી નીમીષ બાબુલાલ ગાંધી (પાકા) | સભ્ય | ૨૮૦૭૬૧૮૮ | ૨૩૪૫૭૮૨૧ | – | ૯૮૨૧૧૬૪૭૩૧ |
| ૨૩) | શ્રી નીપીલ નવનીતલાલ પરીખ (બપલી) | સભ્ય | ૨૪૯૩૨૨૩૧ | ૨૩૭૨૪૫૨૮ | ૨૩૭૨૫૩૦૭ | ૯૮૧૯૩૨૪૫૨૮ |
| ૨૪) | શ્રી નિલેશ નવનીતલાલ શાહ | સભ્ય | ૨૮૯૨૬૪૯૧ | ૨૨૦૮૮૯૬૫ | ૨૨૦૩૪૮૭૩ | ૯૮૩૩૮૪૧૮૦૧ |
| ૨૫) | શ્રી મંજુલ શૈલેશ ધારીઆ | સભ્ય | ૨૩૬૩૩૩૪૫ | ૬૫૮૦૨૪૪૧ | ૨૪૯૩૩૬૧૮ | ૩૯૨૦૧૩૫૦૧૪ |
| ૨૬) | શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ | સભ્ય | ૨૮૦૭૮૩૬૪/૫૬૨૬૨૮૮૫ | – | – | ૯૮૩૪૪૦૭૬૯૮ |
| ૨૭) | શ્રી નીખીલ બોબુલાલ પરીખ | તંત્રી | ૨૩૮૨૨૫૧૦ | ૨૪૪૪૯૯૨૯ | ૨૪૪૪૯૯૧૬ | ૯૮૨૧૩૨૬૪૩૨ |
| ૨૮) | શ્રી ભરત કાંતિલાલ પરીખ | કો.ઓપ્ટ. | ૨૮૭૦૩૧૪૨ | – | – | ૯૮૬૯૧૦૨૬૧૮ |
| ૨૯) | શ્રી સંજય જયંતિલાલ શાહ | કો.ઓપ્ટ. | ૨૪૯૮૫૪૭૨ | ૨૩૮૫૧૮૩૭ | – | ૯૮૨૦૩૪૧૩૭૦ |
| ૩૦) | શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી | કો.ઓપ્ટ. | ૩૨૯૭૬૪૬૯ | ૨૨૦૬૦૨૯૪ | ૨૨૦૩૮૦૭૭ | ૯૮૨૦૪૯૬૫૩૪ |
| ૧) | શ્રી નીના નીકુંજ કડકીઆ (મહિલા વિભાગ) | | ૨૩૬૭૩૪૨૦ | ૨૩૪૧૧૯૨૫/૨૩૪૫૭૦૦૧ | – | ૯૮૨૦૨૭૭૭૮૯ |

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** સહર્ષ યોજે છે

**મુંબઈ વિભાગ તથા ઉપનગર વિભાગના સહયોગથી**

# એક દિવસનો પિકનિક પ્રવાસ

**તારીખ ૧૧-૨-૨૦૦૭ ને રવિવાર**

**મુંબઈ વિભાગ સમય : સવારના ૭.૦૦ વાગે - ઉપનગર વિભાગ સમય : સવારના ૭.૩૦ વાગે**

**સ્થળ : પાલી બીચ રીસોર્ટ, પાલી ચોક રોડ, ઉત્તન, ભાયંદર (વેસ્ટ), ડી. થાણા,**

**ફોન : ૨૮૪૫ ૨૩૫૭-૫૮, ૨૮૦૪ ૭૯૫૫.**

**ટોટલ વ્યક્તિ લઈ જવાની સંખ્યા : મુંબઈ વિભાગમાંથી ૧૫૦ વ્યક્તિ તથા ઉપનગર વિભાગમાંથી ૧૫૦ વ્યક્તિ.**

**ઉપરના ૩૦૦ વ્યક્તિઓને વહેલો તે પહેલો તે ધોરણે લાભ મળશે.**

**બુકિંગની તારીખ ૨૨-૧-૨૦૦૭. વ્યક્તિ દીઠ રૂા. ૧૫૦ આપવાના રહેશે.**

**આના માટે નામ લખાવવાના સ્થળ નીચે મુજબ રહેશે.**

## મુંબઈ વિભાગ

(૧)શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ઓફિસે સમય સાંજે ૭.૦૦ વાગ્યા થી ૮.૩૦ સુધી.

(૨)શ્રી શૈલેષ નટવરલાલ કડકીઆ (ધંગેલા) : ભૂમિ ઈલેક્ટ્રિકલ્સ ૫૦-એ, મંગલદાસ રોડ, લોહાર ચાલ, મુંબઈ-૨, સમય ૧૨ વાગ્યાથી સાંજના ૫ સુધી. ફોન : ૨૨૦૬ ૯૯૮૮ - ૮૫, મોબાઈલ : ૯૮૧૯૨ ૭૬૯૭૦

## પરાં વિભાગમાં નામ નોંધાવવાના સ્થળ

(૧) શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ (ઘીવાલા): ૨૩-૨૪, સિદ્ધિ એપાર્ટમેન્ટ, શક્તિ નગર, ગોરસ વાડી, માર્વે રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ - ૬૯. ફોન : ૨૮૦૭ ૮૩૬૪, ૫૬૨ ૫૬૨ ૮૮૫, ૯૩૨૪૪ ૦૭૬૯૮.

(૨) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) - સી-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, કોરા કેન્દ્ર, બોરીવલી (વેસ્ટ), મુંબઈ, ફોન : ૨૮૦૫ ૦૭૩૫, મોબાઈલ : ૯૮૨૦૦ ૧૧૫૮૬.

(૩) શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ (ખીસાદાર) - ૫૦૧, જ્ઞાન દર્શન, પાંચમે માળે, એસ.વી.પી. રોડ, મ્યુનિસિપલ ગાર્ડનની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ), ફોન : ૨૮૦૭ ૧૪૦૬ - ૯૮૧૯૫ ૦૭૪૫૨.

**<u>બસ ઉપડવાનું સ્થળ મુંબઈ ખાતેથી</u>**

**માતૃમંદિર - ભાટિયા હોસ્પિટલની સામે - તારદેવ, સમય સવારે ૭.૦૦ વાગ્યે**

**<u>બસ ઉપડવાનું સ્થળ ઉપનગર વિભાગ</u>**

**(૧) બોરીવલી : કોરા કેન્દ્ર બસસ્ટોપની બાજુમાં, ૭.૩૦ વાગે સવારના.**

**(૨) કાંદિલવી : એસ.વી.રોડ, બંબા ખાનાની બાજુમાં, સ્ટેશન પાસે, ૭.૩૦ વાગે.**

**(૩) મલાડ : મિલાપ સિનેમાની બાજુમાં સવારે ૭.૩૦ વાગે.**

**નોંધ : ત્યાં આગળ રાઈડસ તથા સ્વીમિંગ પુલ છે. તો સાથે સ્વીમિંગ કોસ્યુમ ખાસ લઈને આવવું. બસ સમયસર ઉપડી જશે. કોઈ પણ વ્યક્તિની રાહ જોવામાં આવશે નહીં. નામ લખાવ્યા પછી કેન્સલ કરવામાં નહીં આવે.**

***ઉપનગર વિભાગ : દક્ષેશ સોમાલાલ પરીખ, પ્રવાસ પર્યટન વિભાગ***

***મુંબઈ વિભાગ : શૈલેષ નટવરલાલ કડકીઆ, પ્રવાસ પર્યટન વિભાગ***

***મંત્રી : પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ***

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## દાન મળેલા વચનોની યાદી

- અજય ઓચ્છવલાલ મોદી - પુત્રી અનુજાના લગ્નપ્રસંગે રૂા. ૫૧,૦૦૦
- ડો. રાજેશ બાબુલાલ શાહ (નગરશેઠ) - પુત્ર અમર લગ્નપ્રસંગે રૂા. ૧૧,૧૧૧
- જગદીશ મણીલાલ શાહ (કડુજી) - પુત્ર દર્શિતના લગ્નપ્રસંગે રૂા. ૫૫,૦૦૦
- રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) રૂા. ૧,૦૦,૦૦૦

સંસ્થા સર્વે દાતાઓનો આભાર માને છે.

*મા. મંત્રી : પંકજ ધારીઆ - ભદ્રેશ ધારીઆ*

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

# શ્રી ફગવા ઉત્સવ

ઉપરોક્ત સમાજ આયોજિત શ્રી ફગવાનો ઉત્સવ તેમ જ શ્રી ફગવા મનોરથ રવિવાર તા. ૧૮-૨-૨૦૦૭ના દિવસે લાડની વાડી, સી.પી.ટેન્ક, મુંબઈ ઊજવવામાં આવશે.

આ ફગવા ઉત્સવના મનોરથી શ્રી જીતેન્દ્રકુમાર કાંતિલાલ મોદી છે.

તા. ૧૮-૨-૨૦૦૭ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે તેમના નિવાસસ્થાન ૮-૨ સ્લેટર રોડ, હેન્દ્રે બિલ્ડિંગ, (૧-૧૦૫), ગ્રાન્ટ રોડ (વેસ્ટ), મુંબઈ મુકામે સમાજ બેસશે.

સવારે ૧૧.૦૦ કલાકે સત્સંગ મંડળની રૂમ, અમૃત વાડી, વી.પી.રોડ થી કળશનો વરઘોડો નીકળી લાડની વાડીમાં જશે.

આ શુભ અવસરે પ.પૂ. ૧૦૮ શ્રી વલ્લભબાવા મહોદય અત્રે ઉપસ્થિત રહી કિર્તનોના પુસ્તકનું વિમોચન કરશે. તેમ જ પુસ્તકના મનોરથી ભાઈઓનું તેમ જ આજના ઉત્સવના મનોરથી શ્રી જીતેન્દ્રભાઈ મોદીનું સન્માન થશે.

### <u>પ્રસાદ લેવા</u>

તે જ દિવસે બપોરે ૧૨.૩૦ વાગ્યે બાલાસિનોરના સમસ્ત દશા નિમા વૈષ્ણવોને સહકુટુંબ - સપરિવાર લાડની વાડીમાં પ્રસાદ લેવા પધારવા અમારી નમ્ર વિનંતી છે. પરાંવાળા જ્ઞાતિ બંધુઓ પણ અમારા ભાવભીના આમંત્રણને માન આપીને પ્રસાદ લેવા જરૂર આવશોજી.

*શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ - પ્રમુખ , બિપીન કિર્તનલાલ દોશી - મંત્રી*

*શ્રી જીતેન્દ્ર કાંતિલાલ મોદીના જય શ્રીકૃષ્ણ*

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## લગ્ન પ્રસંગે નોંધાવેલ ડોનેશનની યાદી

| | | |
|---|---|---|
| ૧૩-૧૨-૨૦૦૬ | શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)<br>પુત્ર નીરવના લગ્નપ્રસંગે | ૧,૦૦,૦૦૦ |
| ૧૩-૧૨-૨૦૦૬ | શ્રી ભદ્રેશ બાબુલાલ પરીખ (વેલી)<br>પુત્રી પાયલના લગ્નપ્રસંગે | ૧,૫૦૦ |
| ૧૩-૧૨-૨૦૦૬ | શ્રી મહેન્દ્ર કાંતિલાલ શાહ (ઝાટ)<br>પુત્ર દીગંજના લગ્નપ્રસંગે | ૨૫,૦૦૦ |
| ૧૫-૧૨-૨૦૦૬ | શ્રી હરેશભાઈ રસિકલાલ પરીખ (લાય)<br>પુત્રી પિન્કીના લગ્નપ્રસંગે | ૩૩,૦૦૦ |
| ૧૫-૧૨-૨૦૦૬ | શ્રી રાજેન્દ્ર કાંતિલાલ શાહ (ઉજડાવાળા)<br>પુત્ર આલાપના લગ્નપ્રસંગે | ૫૧,૦૦૦ |
| ૧૫-૧૨-૨૦૦૬ | શ્રી શૈલેષ જયંતીલાલ સાકરલાલ ધારીઆ (દલાલ)<br>પુત્રી મીલોનીના લગ્નપ્રસંગે | ૫૧,૦૦૦ |
| ૧૫-૧૨-૨૦૦૬ | શ્રી પરાગ સતીષ પરસોત્તમદાસ પરીખ (રોકડીયા)<br>પુત્ર બીનોયના લગ્નપ્રસંગે | ૨,૦૦,૦૦૦ |
| ૧૬-૧૨-૨૦૦૬ | શ્રી મુકેશ કિર્તનલાલ શેઠ (અતરવાલા)<br>પુત્રી મારીશાના લગ્નપ્રસંગે | ૫૧,૦૦૦ |
| ૧૬-૧૨-૨૦૦૬ | શ્રી ભરત નટવરલાલ કડકીયા<br>પુત્ર રીતેશના લગ્નપ્રસંગે | ૩૩,૦૦૦ |
| ૧૬-૧૨-૨૦૦૬ | શ્રી દક્ષક રતીલાલ પરીખ<br>પુત્રી કેત્વીના લગ્નપ્રસંગે | ૩૩,૦૦૦ |
| ૧૬-૧૨-૨૦૦૬ | શ્રી અતુલ બાબુલાલ શાહ (વસનજી)<br>પુત્ર રીષીના લગ્નપ્રસંગે | ૩૩,૦૦૦ |
| ૧૬-૧૨-૨૦૦૬ | શ્રી યોગેશ નટવરલાલ દેસાઈ (ગુજરાતમીલ)<br>પુત્રી રિદ્ધિના લગ્નપ્રસંગે | ૫૧,૦૦૦ |
| ૧૬-૧૨-૨૦૦૬ | શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ (લાટવાળા)<br>પુત્ર પ્રણયના લગ્નપ્રસંગે | ૧,૦૦,૦૦૦ |
| ૨૫-૧૨-૨૦૦૬ | શ્રી પિયુષ કિર્તનલાલ પરીખ (સંયોજક ભંડોળ સમિતિ)<br>પુત્ર તેજસના લગ્નપ્રસંગે | ૨૨,૦૦૦ |
| ૨૭-૧૨-૨૦૦૬ | શ્રી વિનીત નટવરલાલ દેસાઈ (દેડકી)<br>પુત્રીના લગ્નપ્રસંગે | ૧,૫૨,૦૦૦ |

# શ્રી બાલાસિનોર કેળવણી મંડળ

ઉપર્યુક્ત મંડળની કાર્યવાહક સમિતિની (૨૦૦૬ - ૨૦૦૭) પ્રથમ બેઠક, રવિવાર તા. ૨૬-૧૧-૨૦૦૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે દાતા ટ્રસ્ટી શ્રી પ્રફુલ્લભાઈ ઓચ્છવલાલ શેઠના નિવાસસ્થાને મળી હતી. જેમાં હોદ્દેદારોની વરણી, ઓડીટર્સની અને શાળા સમિતિની નિમણૂક તથા બે સભ્યોને કો-અપ્ટ કરવામાં આવ્યાં.

આ સભાનું પ્રમુખસ્થાન મંડળના પ્રમુખ શ્રી નવનીતલાલ સાકરલાલ ધારીઆએ સંભાળ્યું.

**હોદ્દેદારો** : (૧) શ્રી પ્રવીણ સાકરલાલ દેસાઈ - ઉપપ્રમુખ, (૨) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ - મંત્રી, (૩) શ્રી ચંદ્રકાન્ત ચીમનલાલ દેસાઈ - મંત્રી, (૪) શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ - ખજાનચી.

**કો-અપ્ટ** : (૧) શ્રી ચંદ્રેશ પ્રવીણચંદ્ર કડકીઆ - ખીસાદાર, (૨) શ્રી સૌમિલ જીતેન્દ્ર મોદી.

શાળા સમિતિમાં નીચેના સભ્યોની નિમણૂક કરવામાં આવી.

(૧) શ્રી નવનીતલાલ સાકરલાલ ધારીઆ - પ્રમુખ મંડળ
(૨) શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ - ચેરમેન સ્થાનિક સમિતિ
(૩) શ્રી ભદ્રેશ પ્રવીણચંદ્ર ધારીઆ - ખજાનચી મંડળ
(૪) શ્રી ચંદ્રકાન્ત ચીમનલાલ દેસાઈ - મંત્રી મંડળ
(૫) શ્રી રમણભાઈ કે. પટેલ - સ્થાનિક મંત્રી
(૬) શ્રીમતી નીરૂબેન પૂ. પટેલ - સ્થાનિક મંત્રી
(૭) શ્રી રજનીકાન્ત ઓચ્છવલાલ શાહ - સભ્ય
(૮) શ્રી નરોત્તમભાઈ ઓઝા - સભ્ય
(૯) શ્રી બાબુભાઈ ધુળાભાઈ પટેલ - સભ્ય
(૧૦) શ્રી ડૉ. રાકેશભાઈ નગીનદાસ શાહ - સભ્ય
(૧૧) શ્રી મહેન્દ્રભાઈ કે. પટેલ - આચાર્ય જે.વી.ઉ.પ્રા.શાળા
(૧૨) શ્રીમતી લલીતાબેન પંચાલ - આચાર્યા કમળા બાલમંદિર

વર્ષ ૨૦૦૬ - ૨૦૦૭ માટે મેસર્સ જે.એમ.એસ. એન્ડ કું.ની શ્રી જગદીશભાઈ શાહ - ઓડીટર્સ તરીકે નિમણૂક કરવામાં આવી. જેઓ કોઈ પણ જાતનું માનધન સ્વીકારતા નથી. ચારેય શાળાઓના બજેટ ૨૦૦૬-૨૦૦૭ના મંજૂર કરવામાં આવ્યાં.

બેન્કોનો ઠરાવ તથા પ્રમુખશ્રીની અનુમતિથી રજૂ થયેલ બાબતો અંગે વિચારણા કરી મંજૂરી આપવામાં આવી. શાળા સમિતિની તા. ૮-૧૧-૨૦૦૬ની મિનિટ્સ વાંચી રેકોર્ડ પર લેવામાં આવી.

આજની પ્રથમ સભા શ્રી પ્રફુલ્લભાઈ અને કુટુંબીજનોના સૌજન્યથી ભોજન બાદ તથા પ્રફુલ્લભાઈનો આભાર માની બરખાસ્ત કરવામાં આવી.

**મંડળને નીચે મુજબ દાન મળ્યાં છે**

૧) ઓચ્છવલાલ નાથજીભાઈ અને મણીગૌરી ઓચ્છવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શાળાઓના રિપેર્સ - મેન્ટેનન્સ માટે રૂા. ૧,૦૦,૦૦૦/-
૨) સ્વ. પરીખ શાંતિલાલ ચંદુલાલ (કુવાવાળા)ના સ્મરણાર્થે પુસ્તક નોટબુક યોજનામાં પુરક સહાય. રૂા. ૧,૦૦,૦૦૦/-
૩) મેસર્સ એસ.કે.કોર્પોરેશન (શ્રી શશીકાન્ત ધારીઆ - દલાલ) રીપેર્સ - મેન્ટેનન્સ ફંડ માટે. રૂા. ૨૫,૦૦૦/-
૪) શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ (લાટવાળા) ન્યાસફંડ - રૂા. ૧૧,૦૦૦/-
૫) શ્રી પ્રણય રાજેન્દ્ર દેસાઈ (લાટવાળા) ન્યાસફંડ - રૂા. ૧૧,૦૦૦/-

**ઓચ્છવલાલ શેઠ હાઈસ્કૂલ તથા અન્ય શાળાઓના મેજર રીપેર્સ - મેન્ટેનન્સ માટે અંદાજે રૂપિયા દસ લાખની મંડળની જરૂરિયાત માટે પુરક સહાય આપવા આપણા દાતાઓને ખાસ વિનંતી.**

સ્વ. લીલાબેન નટવરલાલ કડકિયાના રમતગમત તથા સાંસ્કૃતિક પ્રતિષ્ઠાનમાં વધારાના રૂા. ૧૦,૦૦૦/- (રૂા. દસ હજાર) પ્રાપ્ત થતાં આ પ્રતિષ્ઠાનમાં આજ દિન સુધી આપણને કુલ રૂપિયા ૧,૨૫,૦૦/- મળ્યાં છે.

**છેલ્લા અહેવાલ બાદ મળેલ અન્ય દાન**

૧) નવીનચંદ્ર ચીમનલાલ શાહ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ રૂા. ૧૧,૦૦૦/-
(૨) દીપક ઈલેક્ટ્રિક કોર્પોરેશન રૂા. ૧૧,૦૦૦/-

જ્યોતિ-પૂંજ

(૩) કાન્તિલાલ ચંદુલાલ કડકીઆ (ધરીવાળા)
રૂા. ૧૧,૦૦૦/-
(૪) એક શુભેચ્છક
રૂા. ૧૧,૦૦૧/-
(૫) પુષ્ટિ ઈલેક્ટ્રિકલ્સ પ્રા. લિમિટેડ
રૂા. ૧૧,૦૦૦/-
(૬) શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ એમ. લાકડાવાળા ચેરિટેબલ ટ્રસ્ટ.
રૂા. ૧૫,૫૫૫/-
(૭) સેતુ રસિકલાલ ગાંધી (પાકા)
રૂા. ૧૧,૧૧૧/- સ્વ. રસિકલાલ મોજીલાલ ગાંધી (પાકા)ના સ્મરણાર્થે

મંડળ સૌ. દાતાઓનો હાર્દિક આભાર માને છે.

***મંત્રીઓ - જતીન દેસાઈ, ચંદ્રકાન્ત દેસાઈ***

## ગુરુજીના નામની હો

ગુરુજીના નામની હો માળા છે ડોકમાં
વલ્લભના નામની હો માળા છે ડોકમાં
વિઠ્ઠલના નામની હો માળા છે ડોકમાં
પૃષ્ટિ પંથ વિસરાય નહિ, સેવા વિના રહેવાય નહિ
તુલસીના નામની હો માળા છે ડોકમાં
ગોકુળીયું ગામ છે, વલ્લભનો ઘાટ છે
યમુનાજીના પાન છે રે માળામાં છે...
સંત્સગ મોટુ ધામ છે, ભવસાગર પાર છે
વૈષ્ણવો ભુલાય નહિ રે.... માળામાં
બરસાના ગામ છે, રાધાજીના ધામ છે
પ્રેમથી વધાવીએ રે.... માળામાં

***- સરલાબેન દેસાઈ (દેડકી)***

## શ્રી બાલાસિનોર દશાનીમા નવયુવક મંડળ સંચાલિત
## શ્રીમતી કલાબહેન ચીમનલાલ કડકીઆ (બનડા) પુરસ્કૃત અન્ન સહાય યોજના તથા
## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલિત શ્રી બાલાસિનોર પ્રગતિ મંડળ આર્થિક રાહત યોજના

ઉપરોક્ત સંસ્થાઓના સહયોગથી પ્રતિ વર્ષે અન્ન સહાય તથા આર્થિક રાહત આપવામાં આવે છે. તા. ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ના વર્ષ દરમિયાન પણ સહાય - રાહત આપવાની છે. આ માટે હાલમાં લાભ લેતા કુટુંબીજનોએ તેમ જ અન્ય જરૂરિયાતવાળાઓએ નવા વર્ષના ફોર્મ ભરવા જરૂરી છે. નીચેના સ્થળોએથી ફોર્મ મેળવી તા. ૨૪-૨-૨૦૦૬માં માગેલી વિગતો ભરી મોકલાવી આપવા.

(૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય. કાલબાદેવી, મુંબઈ - ૨.

(૨) શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ કાર્યાલય, મહેતા હાઉસ, ચોપાટી.

(૩) શ્રી દક્ષેશ કડકીઆ, કડકીઆ એન્ટરપ્રાઈઝ, ૬૮-૭૦ નાગદેવી, પહેલા માળે, મુંબઈ - ૩.

(૪) શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીઆ (બાલાસિનોર)

***સંયોજકો - રજની લટકારી - ઉર્વિશ મોદી (દેવ)***

***શ્રી વા.દ.ની.ન.યુ.મંડળ - શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ***

**નોંધ** : મુંબઈની બહાર તેમ જ બાલાસિનોર ખાતે રહેતા જરૂરિયાતવાળાઓએ પણ ફોર્મ ભરવા જરૂરી છે.

# બાલાસિનોર વિદ્યા મંડળ

પછાત વિસ્તારમાં આવેલ આપણી આર્ટ્સ અને કોમર્સ કોલેજે ''એનએએસી'' (નેશનલ એસસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ - નાક) માટે અરજી કરવા પૂર્વેની જરૂરી વ્યવસ્થાની શુભ શરૂઆત કરી દીધી છે.

ભારત દેશમાં ૧૨૫ એક્રેડિટેડ કોલેજો છે. મુંબઈમાં આશરે ડઝનેક જેટલી અને મહારાષ્ટ્રમાં અત્યારે માત્ર ૩૦ કોલેજો એક્રેડિટેશન ધરાવે છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને 'નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ - નાક' એનએએસી નામની સંસ્થા ઊભી કરેલી છે. દેશભરમાં લગભગ ૨૬૪ યુનિવર્સિટીઓ, ૧૧૫૪૬ કોલેજો, ૮૭ લાખ વિદ્યાર્થીઓ અને ૩.૭૫ લાખ શિક્ષકો છે.

આ સંસ્થા આગળ પડતા શિક્ષણશાસ્ત્રીઓની ટીમ એક્રેડિટેશન મેળવવા ઈચ્છતી કોલેજમાં મોકલે છે અને શિક્ષણ, વહીવટીતંત્ર, નાણાકીય ક્ષેત્ર, સુવિધાઓ વગેરેમાં પાંખા હોય એવી કોલેજને જરૂરી આકારણી કરી એક્રેડિટેશન આપે છે.

દુનિયાના આગળ પડતા દેશોની સરખામણીમાં ભારતમાં ઉચ્ચ શિક્ષણનું ક્ષેત્ર ખૂબ જ ઉતરતું છે. આથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ અન્ય દેશોમાં ઉચ્ચ શિક્ષણ લેવા જાય છે તેથી માનવ સાધન વિકાસ મંત્રાલયના ચિંતિત અધિકારીઓએ અને આયોજન પંચે ઉચ્ચ શિક્ષણ શ્રેષ્ઠ બનાવવા માટે શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ ધ્યાન આપવાનો નિર્ણય કર્યો છે.

દસમી પંચવર્ષીય યોજના દરમિયાન (પાંચ વર્ષ માટે) નવા નવા, સમાજને ઉપયોગી નીવડે એવા શૈક્ષણિક અભ્યાસક્રમો દાખલ કરવા માટે અને શિક્ષણમાં શ્રેષ્ઠતા મેળવવા માટે તમામ એક્રેડિટેડ કોલેજ ને UGC (યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન) દર વર્ષે આઠ લાખની રકમ ગ્રાન્ટરૂપે આપશે.

કોલેજના વહીવટી કર્મચારીઓની ઓફિસ તથા પ્રિન્સિપાલની ઓફિસ Renovate થઈને રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે. કોલેજનું મેગેઝીન 'માંડવડી' પ્રકાશિત થઈ ચૂક્યું છે અને વિદ્યામંડળના સર્વે સભ્યોને મોકલાવેલ છે.

કોલેજની વુમેન્સ ડેવલપમેન્ટ કમિટી, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓની બે એનસીસી ટુકડી તથા કોલેજની રેડ રીબન ક્લબના સંયુક્ત પ્રયાસથી ત્રણ વિવિધ વિષયો પર વ્યાખ્યાનોનું સફળ આયોજન થયું.

**(૧) વક્તા :** ગાયનેકોલોજીસ્ટ - ડો. શર્મિલાબેન વાલી, લારા હોસ્પિટલ, ગોધરા

વિષય : Sex Education & Health Awareness

દિવસ : ૬ ડિસેમ્બર, ૨૦૦૬

**(૨) વક્તા :** પ્રાચાર્ય શ્રી જીતેન્દ્રભાઈ જોશી, કપડવંજ કોલેજ.

વિષય : Female Foetus Killing

**(૩) વક્તા :** ફિઝિશિયન અને સર્જન ડો. માયાવંશી, કોટેજ હોસ્પિટલ, લુણાવડા

વિષય : Aids & Health Awareness

દિવસ : ૨ ડિસેમ્બર, ૨૦૦૬ (Wor Aids Day)

નજીકના ડખાટિયા ગામે યોજાયેલ એનએસએસ શિબિરમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા અપાતા ચાર મેડલોમાંથી આપણી કોલેજના બે વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરવામાં આવ્યાં.

સંસ્થા સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોનો તથા શૈક્ષણિક અને વહીવટી સ્ટાફનો તેઓએ આપેલ અમુલ્ય ફાળા બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે અને તેમને અભિનંદન આપે છે.

***– બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી***

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

સમાજને મળેલ ઉમદા દાન સખાવતી દાતાઓના સન્માન સમારંભ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા તરફથી સંસ્થાને રૂા. એક લાખ (અંકે રૂા. ૧,૦૦,૦૦૦)નું દાન મળ્યું છે. સંસ્થા તેમનો આભાર માને છે.

***મંત્રી : પંકજ ધારીઆ, ભદ્રેશ ધારીઆ***

# બાલાસિનોર વિદ્યામંડળ અનુકરણીય દાન

વિશેષ આનંદ સાથે જણાવવાનું કે સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦નું (અંકે રૂા. એક લાખ)નું માતબર દાન ''શાંતિલાલ ચંદુલાલ પરીખ'' ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી સ્વ. શ્રી શાંતિલાલ ચંદુલાલ પરીખ (કુવાવાળા)ની મધુર યાદમાં ન્યાસફંડ પેટે એમ.એ. (અનુસ્નાતક)ના હિન્દી વિષય માટે મળ્યું છે.

શ્રી શાંતિલાલ ચંદુલાલ પરીખ (કુવાવાળા) ન્યાસફંડની રકમના વ્યાજમાંથી હિન્દી વિષય સાથે અનુસ્નાતક વર્ગમાં અભ્યાસ કરતા અને વાર્ષિક પરીક્ષામાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે ઉત્તીર્ણ થનાર બન્ને વર્ષના બબ્બે વિદ્યાર્થીઓને પારિતોષિક આપવામાં આવશે.

સંસ્થાને કારોબારી સમિતિના સભ્ય શ્રી કિરીટભાઈ રમણલાલ કડકીઆ (મલમ) તરફથી તેમના સુપુત્ર શ્રી નીરવભાઈના લગ્નપ્રસંગે તેમના સ્વ. પિતાશ્રી રમણલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) ન્યાસ ફંડ પેટે બુક બેંક સહાય માટે રૂા. ૧,૦૦,૦૦૦ (અંકે રૂા. એક લાખ)નું માતબર દાન મળ્યું છે.

સ્વ. રમણલાલ ચુનીલાલ કડકીઆ (મલમ) આ સંસ્થાની સ્થાપનાના પાયાના કાર્યકર્તા હતા અને ૧૯૬૮ થી ૧૯૭૩ દરમિયાન તેમણે મંત્રીના હોદ્દેથી સેવા આપી છે.

ન્યાસફંડની રકમના વ્યાજમાંથી જરૂરી વિદ્યાર્થીઓને ''Set of Text Book'' આપવામાં આવશે.

સંસ્થાની કારોબારી સમિતિના આ સભ્યો બન્ને દાતા પરિવારોનો જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના પરિવારોના સૌ સભ્યોના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે ખરા દિલથી પ્રભુને પ્રાર્થના કરે છે.

સંસ્કૃતમાં શ્લોક છે.

ઈશ્વર શક્તિ આપે છે - બીજાનું રક્ષણ કરવા<br>
ધન આપે છે - બીજાને મદદ દાન કરવા<br>
અને જ્ઞાન આપે છે - બીજાને વહેંચવા

જે ઈશ્વરની ઈચ્છાનું પાલન કરે છે તેની શક્તિ, ધન તથા જ્ઞાન વધતા જ જાય છે.

***– શ્રી બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી***

## સુધારો – શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

ઓક્ટોબર માસના અંકમાં સમાજે બે યોજના શરૂ કરી હતી. તેમા નીચે મુજબ વાંચવું શ્રી પ્રતિભાબેન અરવિંદભાઈ પરીખ અને શ્રી અરવિંદભાઈ ચંદુલાલ પરીખ.

''આર્થિક સમૃદ્ધિ યોજના'' રીંકરીંગ યોજના શ્રીમતી લીલાબેન બાબુલાલ દેસાઈ અને ડો. બાબુલાલ સાકરલાલ દેસાઈ. ''વિદ્યાર્થી સહાય યોજના.''

***મંત્રી : પંકજ ધારીઆ, ભદ્રેશ ધારીઆ***

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

## દાન માટે મળેલા વચનોની યાદી

૧) કોકિલાબેન નવીનચંદ્ર કાંદરલાલ પરીખ (અનુકુળવાળા)<br>
રૂા. ૧,૦૦,૦૦૦

૨) પીંકી હરેષ રસિકલાલ પરીખ (લારા)<br>
રૂા. ૧૧,૦૦૦

૩) શ્રી પરાગ સતીષભાઈ કોદરલાલ પરીખ (રોકડીઆ)<br>
રૂા. ૧,૦૦,૦૦૦

૪) શ્રી અતુલ બાબુલાલ શાહ (વસનજી)<br>
રૂા. ૧૧,૦૦૦

૫) શ્રી દક્ષક રતીલાલ પરીખ<br>
રૂા. ૧૧,૦૦૦

મંડળની કારોબારી સમિતિના સભ્યો તેમ જ ટ્રસ્ટીગણ સર્વે દાતાઓનો હાર્દિક આભાર માની હર્ષની લાગણી અનુભવે છે.

***- અસીત રમેશચંદ્ર દેસાઈ***

***- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ), - માનદ્ મંત્રીઓ***

# આંતરિક રમત-ગમત

દર વર્ષ મુજબ આ વર્ષે પણ સંસ્થાની ઓફિસે આંતરિક રમત-ગમત તા. ૩-૯-૨૦૦૬ થી શરૂ થઈ હતી. આમાં વિવિધ રીતે કેરમ સ્પર્ધા રાખી હતી. આ સ્પર્ધામાં કુલ છોકરા-છોકરી મળી ૧૬૦ એન્ટ્રી આવી હતી.

તદ્ ઉપરાંત ટેબલ-ટેનિસ અને બેડમિન્ટનની રમત મફતલાલ બાથ, ચોપાટી ખાતે રાખી હતી. આ રમતમાં છોકરીઓએ પણ રસ લીધો હતો.

**Names of the Winners of Indoor Game for the Year 2006 - 2007**

**1. Carrom Single (Junior)**
1. Rithik N. Parikh
2. Aman M. Kadakia
3. Harshil J. Kadakia

**2. Carrom Single (Senior)**
1. Bipin Mody
2. Sunil Parikh
3. Saishav U. Shah

**3. Carrom Double (Jr.)**
1. Rithik Parikh - Aman Kadakia
2. Daxit J. Ghandhi - Harshil J. Kadakia
3. Kavin Kadakia - Jakin Parikh

**4. Carrom Double (Sr.)**
1. Bipin Modi - Anup Mehta
2. Ajit N. Modi - Bhavesh R. Dharia
3. Nilesh G. Parikh - Manoj K. Kadakia

**5. Carrom Single (Ladies)**
1. Roma Manoj kadakia
2. Prathiksha Ghandhi
3. Shefali Kadakia

**6. Carrom Double (Ladies)**
1. Roma Manoj Kadakia - Shefali Kadakia
2. Pratiksha Ghandhi - Niyati Ghandhi
3. Mayuri Nilesh Parikh - Disha Shah

**7. Carrom Mix Doubles**
1. Manoj Kadakia - Shefali Kadakia
2. Rithik Parikh - Minal Parikh
3. Manoj Kadakia - Roma Kadakia

**8. Carrom Super Hit Mukabala**
1. Nitin Parikh - Rithik Parikh
2. Manoj Kadakia - Aman Kadakia
3. Ajit Modi - Deepesh Modi

**9. Chess (Jr.)**
1. Jai Jatin Kotia
2. Purav Viral Ghandhi
3. Vrushank Sachin Kadakia

**10. Chess (Sr.)**
1. Viral Ghandhi
2. Vinil Kadakia
3. Jai Parikh

**11. Badminton (Ladies)**
1. Jayati P. Ghandhi
2. Ruchi V. Sethna
3. Ragini Sethna

**12. Badminton (Gents)**
1. Vishawas Sethna
2. Nilesh G. Parikh
3. Utsav P. Modi

**13. Table - Tennis**
1. Utsav P. Modi
2. Pratik Rakesh Doshi
3. Vrushank S. Kadakia

**Note : Prize Distrb Date Will Be Annouced LaterOn)**

***Convenor : Ajit N. Modi***
***Mantree : Pradip Kadakia***

# કચેરિયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

**બારમો હાર્ટકેમ્પ :** હોસ્પિટલમાં બારમો હાર્ટ કેમ્પ તથા કીડનીના રોગોનો નિદાન કેમ્પ તા. ૧૭-૧૨-૨૦૦૬ને રવિવારના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૨૮ દરદીઓ નોંધાયેલા. ૧૬ પેથોલોજી ટેસ્ટ, ૧૫ એક્સ-રે, ૯૧ ઈસીજી (કાર્ડિયોગ્રામ) - ૩૫ ઈકો ફ્રી કરવામાં આવેલ. પેથોલોજી ટેસ્ટ રૂા. ૪૧૦/-, એક્સ-રે રૂા. ૯૦૦/-, ઈસીજી રૂા. ૨૭૩૦/- તેમ જ ઈકો રૂા. ૧૭,૫૦૦/- મળીને કુલ રૂા. ૨૧,૫૪૦/- માફી કરવામાં આવેલ. તથા જરૂરિયાતવાળા દરદીને પાંચ દિવસની દવા મફત આપવામાં આવેલ જેની કિંમત રૂા. ૧૬૦૧ મળી કુલ માફી રૂા. ૨૩૧૪૧ કરવામાં આવી છે.

**ફિજીશિયન કેમ્પ :** હોસ્પિટલમાં તારીખ ૮-૧૨-૨૦૦૬ અને ૧૫-૧૨-૨૦૦૬ના રોજ ફિજીશિયન નિદાન કેમ્પ યોજવામાં આવેલો. આ કેમ્પમાં કુલ ૮૭ દરદીઓ નોંધાયેલા તે પૈકી ૭૮ દરદીઓના નિદાન કરવામાં આવેલ. ૭૮ ઈસીજી, ૧૮ દરદીઓના પેથોલોજી ટેસ્ટ ફ્રી કરવામાં આવેલ. ઈસીજી રૂા. ૨૩૪૦, પેથોલોજી ટેસ્ટના રૂા. ૬૮૦, દવાઓના રૂા. ૯૪૦ મળીને કુલ રૂા. ૩૯૬૦ની માફી કરવામાં આવેલ. આ કેમ્પમાં પાંચ દિવસની દવા મફત આપવામાં આવેલ.

**ગાયનેક નિદાન તથા ઓપરેશન કેમ્પ :** હોસ્પિટલમાં સ્ત્રીરોગ (ગાયનેક) નિદાન તથા ઓપરેશન કેમ્પ તા. ૧૨-૧-૨૦૦૬ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૧૪૭ દરદીઓનું રજિસ્ટ્રેશન થયેલું તે પૈકી કુલ ૧૨૯ દરદીઓનું નિદાન કરવામાં આવેલ. તે પૈકી ૯૭ દરદીઓના પેથોલોજી ટેસ્ટ કરવામાં આવેલ. આ રીપોર્ટના રૂા. ૧૭,૯૪૫ ફ્રી કરવામાં આવેલ. તેમ જ કુલ ૮૮ એક્સ-રે ફ્રી કરવામાં આવેલ તેના રૂા. ૫૨૮૦ ફ્રી કરવામાં આવેલ. આ પૈકી ઓપરેશન માટે બધા રીપોર્ટ થયા બાદ તારીખો આપવામાં આવશે અને મફત ગર્ભાશયની કોથળી કાઢવાના ઓપરેશનો કરવામાં આવશે.



## શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચૌધરી) પુરસ્કૃત
# ટેલીફોન ડીરેક્ટરી ૧૦મી આવૃત્તિ
## જાહેરખબર બાબત સુધારો

Well wisher 'stripe' on each page આ જાહેરખબરમાં ફક્ત વ્યક્તિનું નામ અને જે જે શ્રી ગોકલેશ આવશે.
ટેલિફોન ડીરેક્ટરીની ‘ડમી’ બુકમાં જેનું નામ ન હોય અથવા ફોર્મ ભર્યું ન હોય એમણે ટેલિફોનના ફોર્મ ભરી મોકલી આપવા. બાલાસિનોર, બહારગામ, આઉટ ઓફ ઈન્ડિયા રહેતા બાલાસિનોરવાસીઓના નામ રહી ગયા હોય તો તેમના સગાસંબંધી ફોર્મ ભરીને મોકલી આપે.

*સંયોજક : હેમેન્દ્ર શાહ, ફોન : ૨૮૦૫ ૦૭૩૫, ૯૮૨૦૦ ૧૧૫૮૬*
*મંત્રી : પ્રદીપ કડકીઆ, ફોન : ૨૨૦૧ ૮૩૨૬, ૯૮૧૯૩ ૮૯૪૮૪*

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧) રાકેશ શાંતિલાલ કચેરીયા**
સી - ૪૦૨, જીવન આશા, ૪ થે માળે,
પટેલ નગરની પાછળ, એમ. જી. ક્રોસ રોડ નં-૪,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭

**૨) દેવાંગ રાજેન્દ્ર મોદી**
૬૦૩, 'બી' વીંગ, જીવન આશા, પટેલ નગરની પાછળ,
એમ. જી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ -૬૭

**૩) કૌશિક પરીખ**
અલ્કા કૌશિક પરીખ
૫૦૮, જે. કે. એલ, સાને ગુરુજી માર્ગ,
ઓલ્ડ આર. ટી. ઓ. લેન, ગાંજાવાલા ટાવર નં.૧૦૨,
૧ લે માળે, સુમન જ્વેલર્સની પાછળ
તારદેવ, મુંબઈ - ૪૦૦ ૦૩૪
ફોન : ૨૪૯૫૩૫૬૭

**૪) નટવરલાલ મણીલાલ પરીખ (ડાબલી)**
૪૦૨, અલંકાર બિલ્ડીંગ, ૧૮૭ બાલારામ સ્ટ્રીટ,
ગ્રાંટ રોડ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર, મુંબઈ
ફોન : ૨૩૦૦ ૨૩૪૩ - મો. : ૯૮૧૯૪૦૪૮૪૯

**૫) પરાગ કિશોરચંદ્ર કોઠારી**
**અલકા પરાગ કોઠારી**
૧૨, દ્વારીકા સોસાયટી, નર્મદા ગેસ્ટ હાઉસની પાછળ,
રેસકોર્સ સર્કલ, વડોદરા - ૭
ફોન : (ઘર) ૦૨૬૫ - ૨૩૪૪૪૫૫
(ઓ) ૦૨૬૫ - ૨૩૯૭૭૦૭ મો. - ૯૮૯૮૦૧૪૬૭૬

**૬) કિશોરચંદ્ર રમણલાલ કોઠારી**
૧૭/બી, અંધેરી ગુરુછાયા કો.ઓ.હા.સો.
૩૪, મનીષ નગર, વાય.પી. રોડ,
૪ બંગલા, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૫૩
ફોન : ૬૫૨૫ ૬૨૪૦
મોબાઈલ : ૯૩૨૩૭ ૯૭૯૦૪

**૭) દિનેશકુમાર રમણલાલ ધારિયા**
નવયુગ નગર સોસાયટી
બ્લિડીંગ નંબર -૧, ફ્લેટ નં. ૧૦૧, ૮ મે માળે,
૬૬૨, ફોરજેટ હીલ, મુંબઈ - ૪૦૦ ૦૩૬
ફોન : ૪૦૧૧ ૨૧૩૧

## શુભ લગ્ન

૧. ચિ. **આલાપ** રાજેન્દ્રભાઈ કાન્તીલાલ શાહ (ઉજડાવાળા)
ચિ. **પીંકી** હરેશભાઈ રસીકલાલ પરીખ (લાય)

૨. ચિ. **મિત્તલ** પંકજકુમાર સાંકરલાલ શાહ (હાથીખાનાવાળા)
ચિ. **આષિત** રાજેન્દ્રભાઈ મહેતા

૩. ચિ. **પ્રણવ** રાજેન્દ્ર કીરતનલાલ દેસાઈ (લાટવાળા)
ચિ. **ભાવી** કીરણભાઈ વાલીઆ

## તેજસ્વી તારલા

- કેમ્બ્રીજ સ્કૂલની બીજા ધોરણની કું. હીનલ હીમાંશુ મોદી ઉ.વ. ૮ ઓલ ઈન્ડીયા ડ્રોઈંગ કોમ્પીટીશનમાં સમગ્ર મહારાષ્ટ્રમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સીલ્વર મેડલ હાંસિલકર્યું છે.

સંસ્થા વતી તેમને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉમંર |
|---|---|
| શીલાબેન ભૂપેન્દ્રભાઈ પરીખ (તાતીયા) | ૫૯ |
| અજીત ચીમનલાલ પરીખ | ૬૨ |
| દિપીકા અજીત પરીખ | ૩૪ |
| ગં.સ્વ. શાન્તાબેન બાબુલાલ પરીખ (બોડેલીવાળા) | ૮૪ |
| જ્યોતિષચંદ્ર નર્મદાશંકર ત્રિવેદી | |
| દિલીપ મોહનલાલ શેઠ (અત્તરવાળા) | ૬૫ |
| રોહિતભાઈ કીરતનલાલ મોદી (ભુરીયા) | ૫૮ |
| મુકુંદભાઈ જેઠાલાલ શાહ (વડોદરાવાળા) | |

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**